पांच वर्षनी अंदरनुं बाळक मरण पामे तो बाळकोने भोजन कराववुं, अने ते उपरांत वयनुं मरे, तो ब्राह्मणो तथा बाळकोने भोजन कराववुं. ( ए बाळक परणेलुं अथवा जनोइ दीधेलुं होय तो ब्राह्मण अने न होय तो बाळकोने ज जमाडवां.) ॥९५॥ पांच वर्षनी उपरनुं बाळक परण्या के ज़नोइ दीधा विनानुं होय, अथवा परणेलुं के जनोइ दीधेलुं होय तोपण खीर अने गोळना करेला दश पिंड अनुक्रमे आपवा. ॥९६॥ अगियार अथवा बारमे दिवसे वृषोत्सर्ग सिवाय बाकीनां सर्व कर्म करवां परंतु महा दानो आपवां नहीं. ॥९७॥ पिता जीवता छतां, पांच वर्षनी उपरनी वयमां मरेला बाळकनुं सपिंडक श्राद्ध करवुं

कुमारे च मृते बालान्कुमारानेव भोजयेत् ॥ सबालान्भोजयेद्विप्रान्पौगंडे सव्रतेऽव्रते ॥९५॥

मृतश्च पंचमादूर्ध्वव्रतः सव्रतोऽपि वा ॥ पायसेन गुडेनापि पिंडान्दद्याद्दश क्रमात् ॥९६॥

एकादशं द्वादशं च वृषोत्सर्गविधिं विना ॥ महादानविहीनं च पौगंडे कृत्समाचरेत् ॥९७॥

जीवमाने च पितरि न पौगंडे सपिंडनम् ॥ अतस्तस्य द्वादशाहन्येकोद्दिष्टं समाचरेत् ॥९८॥

स्त्रीशूद्राणां विवाहस्तु व्रतस्थाने प्रकीर्तितः ॥ व्रतात्प्राक् सर्ववर्णानां वयस्तुल्या क्रिया भवेत् ॥९९॥

स्वल्पात्कर्मप्रसंगाच्च स्वल्पाद्विषयबंधनात् ॥ स्वल्पे वयसि देहे च क्रियां स्वल्पामपीच्छति ॥१००॥

किशोरे तरुणे कुर्याच्छय्यावृषमखादिकम् ॥ पददानं महादनंगोदामपि दापयेत् ॥१०१॥

नहीं. मात्र बारमे दिवसे तेनुं एकोतिष्ट ज करवुं. स्त्रीओ अने शूद्रना विवाह उपनयनने स्थाने जाणवां. व्रतनी ( उपनयननी ) पूर्वे सकल वर्णनी क्रिया वय प्रमाणे करवी. ॥९९॥ कर्म, देश, सगांसंबंधी, वर्ण अने वयनुं स्वल्पाल्प तथा महत्त्व जोइने क्रिया करवी. ॥१००॥ किशोरावस्था छता मरण पामे तो शय्यादान तथा वृषोत्सर्ग वगेरे पददान, महादान, तथा गोदांन वगेरे सकळ कर्मों करवां. ॥१०१॥

परमहंसादि चतुर्विध यतिओने दहन करवा नहीं, तथा तेमनी उदरक्रिया तथा दश गात्रादिक कोइपण जातनुं कर्म पुत्रादिकोए करवुं नहीं. ॥१०२॥ मात्र दंड धारण करवाथी ते नर नारयण स्वरूपे थाय छे, त्रिदंड धारण करवा मात्रथी प्रेतत्व सर्वथा नष्ट थाय छे. ॥१०२॥ जे कोइ ज्ञानी छे, ते स्वरूपानुभवने लीधे ज मुक्त थाय छे, माटे तेओ पुत्रादि तरफथी पोताने पिंडदानादिनी प्राप्त थवानी इच्छा करता नथी. ॥१०४॥ माटे विधिनो बाध आवे एम गणीने, पिंडदान करवुं नहीं, मात्र पितृभक्तिने सारु तीर्थश्राद्ध करवां. ॥१०५॥ हंस, परमहंस, कुटीचक्र अने बहूदक एवा चतुर्विध सन्यासी मरण पामे तो तेमने

यतीनां चैव सर्वेषां न दाहो नोदकक्रिया ॥ दशगात्रादिकं तेषां न कर्तव्यं सुतादिभिः ॥१०२॥
दंडग्रहणमात्रेण नरो नारायणो भवेत् ॥ त्रिदंडग्रहणात्तेषां प्रेतत्वं नैव जायते ॥१०३॥
ज्ञानिनस्तु सदा मुक्ताः स्वरूपानुभवेन हि ॥ अतस्ते तु प्रदत्तानां पिंडानां नैव कांक्षिणः ॥१०४॥
तस्मापिंडादिकं तेषां नतु नोदकमाचरेत् ॥ तीर्थश्राद्धं गयाश्राद्धं पितृभक्त्या समाचरेत् ॥१०५॥
हंसं परमहंसं च कुटीचक्रबहूदकौ ॥ एतान्संन्यासिनस्तार्क्ष्य ! पृथिव्यां स्थापयेन्न तान् ॥१०६॥
गंगादांनामभावे हि पृथिव्यां स्थापन स्मृतम् ॥ यत्र संति महानद्यस्तदा तास्वेव निक्षिपेत् ॥१०७॥

इति श्री गरुडपुराणे दाहास्थिसंचयकर्मनिरुपणो नाम दशमोऽध्यायः ॥१०॥

## ॥ अथ एकादशमोऽध्यायः ॥

गरुड उवाचः—

दशगात्रविधिं ब्रूहि कृते किं सुकृतं भवेत् ॥ पुत्राभावे तु कः कुर्यादिति मे वद केशव ॥१॥

भूमिमां दाटवा. ॥१०६॥ गंगादितीर्थनी जोगवाइ न होवाथी भूमिमां भंडारवा, महानदी होय तो ते शरीर तेमां वहेराववुं. ।१०७।

इति श्री गरुडपुराणे सारोद्धारे दाहास्थिसंचयकर्मनिरूपणो नाम दशमोऽध्यायः ॥१०॥

॥ अथ एकादशमोऽध्यायः ॥

गरुड भगवानने प्रश्न पूछे छे, हे भगवान ! मने दश गात्र नामनुं कर्म कहो, तथा ते करवाथी फलनी प्राप्ति शी थाय छे ? ते कहो; कदापि पुत्र न होय तो ए विधि कोणे करवी ? ते पण कहो. ॥१॥

११२

भगवान कहे छे, हे गरुड ! सत्पुत्र विधि करे तो ते पितृऋणथी मुक्त थाय छे. ॥२॥ पुत्रवियोयजन्य दुःखनो त्याग करीने, तथा धैर्यथी अंतःकरणनुं नियमन करीने. नेत्रोमां आंसु न आणतां, पितरोनुं पिंडदानादि करवुं. ॥३॥ बांधवादिके लींट तथा आंसु पाडयां होय, ते प्रेतने अवश्य भक्षण करवां पडे छे, माटे ए निरर्थक शोक थकी परावृत्त थवुं. ॥४॥ कारण के, रात्री अने दिवस हजारो वर्ष सुधी शोक करे, तो पण मरण पामनार फरीथी देखानार नथी. ॥५॥ जे उत्पन्न थाय तेने

श्री भगवानुवाचः—

श्रुणु तार्क्ष्य ! प्रवक्ष्यामि दशगात्रविधिं तव ॥ यद्विधाय च सत्पुत्रो मुच्यते पैतुकादृणात् ॥२॥
पुत्रः शोकं परित्यज्य घृतिमास्थाय सात्त्विकीम् ॥ पितुः पिंडादिकं कुर्यादश्रुपातं न कारयेत् ॥३॥
श्लेष्माश्रु बांधवैर्मुक्तं प्रेतो भुंक्ते यतोऽवशः ॥ अतो न रोदितव्यं हि तदा शोकान्निरर्थकात् ॥४॥
यदि वर्षसहस्राणि शोचतेऽहर्निशं नरः ॥ तथापि नैव निधनं गतो दृश्यते कर्हिचित् ॥५॥
जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ॥ तस्मादपरिहार्येऽर्थे न शोकं कारयेद्बुधः ॥६॥
नहि कश्चिदुपायोऽस्ति दैवो वा मानुषोऽपि वा ॥ यो हि मृत्युवशं प्राप्तो जंतुः पुनरिहाव्रजेत् ॥७॥
अवश्यंभाविभावानां प्रतीकारो भवेद्यदि ॥ तदा दुःखैर्न युज्येरन्नलरामयुधिष्ठिराः ॥८॥

मृत्यु अवश्य छे, तथा जे मरण पामे तेने जन्म अवश्य छे, ए रीतना बेउ प्रकार अवश्य छतां निरर्थक शोक शा माटेक रवो ? ॥६॥ एनी निवृत्तिने अर्थे दैवी के मानुषी ए बेमांनो एके उपाय नथी के जे करवाथी प्राणी मृत्यु थकी मुक्त थइने फरीथी मळे. ॥७॥ अवश्य प्राप्त थनारा मृत्युदुःखनो उपाय होत तो तो, नळराजा, रामराजा, तथा धर्मराजा वगेरे ए दुःखथी मुक्त न थात ? ॥८॥

कोइनो कोइ साथे निरंतर सहवास होतो नथी. ते बाबत दृष्टांत–जेम हुपणुं शरीरपर निरंतर अभिमान राखे छ तेम छतां, शरीर तेनो त्याग करीने जाय छे तेम. तो बीजा जननो सहवास हंमेशां रहेशे एवुं तो मनमां आणवुं ज नहीं. ॥९॥ जेम के, एकादो वटेमार्गु मार्ग जतां वृक्षनी पासे आवी, तेनी छायामां बेसी, विश्राम पामीने हींडवा मांडे छे, तेम आ सकल प्रायश्चित्त पदार्थोनो समागम तजीने जवानुं जाणवुं. ॥१०॥ सुगंधदायक उत्तम पदार्थोवडे सवारे रांधेलुं अन्न सांजे रसहीन थाय छे; तेम अन्न वडे पुष्ट थयेलुं शरीर नित्य क्यांथी रहेनार ? ॥११॥ सघळां दुःखोनुं निवर्तक करनार मात्र ज्ञान ज

नायमत्यंतसंवासः कस्यचित्केनचित्सह ॥ अपि स्वस्य शरीरेण किमुतान्यैः पृथग्जनैः ॥९॥
यथा हि पथिकः कश्चिच्छायामाश्रित्य विश्रमेत् ॥ विश्रम्य च पुनर्गच्छेतद्वद्भूतसमागमः ॥१०॥
यत्प्रातः संस्कृतं भोज्यं सायं तच्च विनश्यति ॥ तदन्नरससंपुष्टे काये का नाम नित्यता ॥११॥
भैषज्यमेतद्दुःखस्य विचारं परिचिंत्य च ॥ अज्ञानप्रभवं शोकं त्यक्त्वा कुर्यात्क्रियां सुतः ॥१२॥
पुत्राभावे वधूः कुर्याद्भार्याभावे च सोदरः ॥ शिष्यो वा ब्राह्मणस्यैव सपिंडो वा समाचरेत् ॥१३॥
ज्येष्ठस्य वा कनिष्ठस्य भ्रातुः पुत्रैश्च पौत्रकैः ॥ दशगात्रादिकं कार्यं पुत्रहीने नरे खग ! ॥१४॥
भ्रातॄणामेकजातानामेकश्चेत्पुत्रवान्भवेत् ॥ सर्वे ते तेन पुत्रेण पुत्रिणो मनुरब्रवीत् ॥१५॥

छे, एवा प्रकारना विचारनुं परिचिंतन करवा छतां, अज्ञानजन्य शोकनो त्याग करीने पुत्रे पितानी क्रिया करवी. ॥१२॥ पुत्र न होय तो पत्नीए करवी, तेणी न होय तो बंधुए करवी, ते न होय तो शिष्ये करवी, अथवा कोइ पितराइए करवी. ॥१३॥ कोइ पुरुष पुत्रहीन होय तो तेना मोटा अथवा नाना भाईना पुत्रे दशगात्रादि कर्म करवुं. ॥१४॥ घणा पितराइ भाइओ छतां, तेमांनो एक पुत्रवान होय तो ते एक पुत्रने लीधे सघळा पितराइओ पुत्रवान छे, एम जाणवुं. एवुं मनुजीनुं कहेवुं छे. ॥१५॥

एक पुरुषने घणी स्त्रीओ छतां, तेमांनी एक पुत्रवती होय तो ते सकल स्त्रीओ पुत्रवती जाणवी. ॥१६॥ कदापि सघळा भाइओ पुत्रहीन होय तो तेओना मित्रे पिंडदान करवुं, परंतु कदी पण क्रियानो लोप करवो नहीं, ए कहेलामांथी कोइ न होय तो ए सर्वने ठेकाणे उपाध्याय [गोर] ए क्रिया करवाने अधिकारी छे एम जाणवुं. ॥१७॥ कोइ स्त्री के पुरुष पोताना इष्ट मित्रनी क्रिया करे तेने अनाथ प्रेतसंस्कार कर्याने लीधे कोटि यज्ञनुं फल प्राप्त थाय छे. ॥१८॥ हे गरुड ! पितानुं दशगात्रादि कर्म पुत्रे करवुं. मोटो भाई मृत्यु पाम्यो होय तो नाना भाइए करवुं, परंतु पुत्र मरण पाम्यो होय, तो तेना पिताए तेनुं

पत्न्यश्च बह्व्य एकस्य चैका पुत्रवता भवेत् ॥ सर्वास्ताः पुत्रवत्यः स्युस्तेनैकेन सुतेन हि ॥१६॥
सर्वेषां पुत्रहीनांनां मित्रः पिंडं प्रदापयेत् ॥ क्रियालापो न कर्तव्यः सर्वाभावे पुरोहितः ॥१७॥
स्त्री वाऽथ पुरुषः कश्चिदिष्टस्य कुरुते क्रियाम् ॥ अनाथप्रेतसंस्कारात्कोटियज्ञफलं लभेत ॥१८॥
पितुः पुत्रेण कर्तव्यं दशगात्रादिकं खग ! मृते ज्येष्ठेऽपतिस्नेहान्न कुर्वीत पिता सुते ॥१९॥
बहवोऽपि यदा पुत्रा विधिमेकः समाचरेत् ॥ दशगात्रं सपिंडत्वं श्राद्धान्यन्यानि षोडश ॥२०॥
एकेनैव तु कार्याणि संविभक्तधनेष्वपि ॥ विभक्तैस्तु पृथक्कार्यं श्राद्धं सांवत्सरादिकम् ॥२१॥
तस्माज्ज्येष्ठः सुतो भक्त्या दशगात्रं समाचरेत् ॥ एकभोजी भूमिशायी भूत्वा ब्रह्मपरः शुचिः ॥२२॥

दशगात्रादिक कर्म करवुं नहीं ॥१९॥ कदापि कोइ पुरुषने घणा पुत्र होय तो सकल विधि एक ज पुत्रे करवो, तथा दशगात्रादि कर्म तथा बीजां षोडश श्राद्ध पण एके ज करवां. ॥२०॥ कदापि धनना भाग वहेंची लीधा होय, तोपण उपर कहेलां सर्व कर्म एके ज करवां, भाग पाडी लीधा होय तो संवत्सरादि श्राद्ध सौ सौने घेर जूदां जूदां करवां. ॥२१॥ तो मोटा पुत्रे दशगात्रादि भक्तिपूर्वक करवां. ए कर्म करे तो शुं फल मळे छे? ते कहे छे. एकवार भोजन करनारो, भूमिपर शयन करनारो,

निरंतर ब्रह्मचिंतन करनारो तथा शुचिर्भूत (पवित्र) छतां, ॥२२॥ सात वार पृथ्वी प्रदक्षिणा करवाथी जे फल प्राप्त थाय छे. तेटलुं फळ माबापनी पाछळनी क्रिया करवाथी प्राप्त थाय छे. ॥२३॥ दशगात्राख्य कर्मने आरंभीने, वर्ष पूरुं थतां सुधीनी सकळ क्रियाओ जे पुत्र करे, तेने गया श्राद्धनुं फल प्राप्त थाय छे. ॥२४॥ हवे दशगात्राख्य कर्मनो विधि कहे छे, कूओ, तळाव, बाग तथा तीर्थ तथा देवालय एमांना कोइ पण स्थळे जइने, मध्याह्नकाळे मंत्रहीन स्नान करवुं. ॥२५॥ पछी पवित्र थइने वृक्षनी नीचे दक्षिण भणी मों करीने बेसवुं, पछी ते ठेकाणे एक ओटली करीने, तेने गायना छाणथी लींपवी.

सप्तवारं परिक्रम्य धरणीं यत्फलं लभेत् ॥ क्रियां कृत्वा पितुर्मातुस्तत्फलं लभते सुतः ॥२३॥
आरभ्य दशगात्रं च यावद्वै वार्षिकं भवेत् ॥ तावत्पुत्रः क्रियां कुर्वन् गयाश्राद्धफलं लभेत् ॥२४॥
कूपे तडागे वाऽऽरामे तीर्थे देवालयेऽपि वा ॥ गत्वा मध्यमयामे तु स्नानं कुर्यादमंत्रकम् ॥२५॥
शुचिभूत्वा वृक्षमूले दक्षिणाभिमुखः स्थितः ॥ कुर्याच्च वेदिकां तत्र गोमयेनोपलिप्य ताम् ॥२६॥
तस्यां पर्णे दर्भमयं स्थापयेत्कौशिकं द्विजम् ॥ तं पाद्यादिभिरभ्यर्च्य प्रणमेदतसीति च ॥२७॥
तदग्रे च ततो दत्त्वा पिंडार्थं कौशमासनम् ॥ तस्योपरि ततः पिंडं नामगोत्रोपकल्पितम् ॥२८॥
दद्यात्तंडुलपाकेन यवपिष्टेन वा सुतः ॥ उशीरं चंदनं भृंगराजपुष्पं निवेदयेत् ॥
धूपं दीपं च नैवेद्यं मुखवासं च दक्षिणाम् ॥२९॥

॥२६॥ ए ठेकाणे एक पांदडापर दर्भवडे एक कौशिक नामना ब्राह्मणनुं स्थापन करवुं, अने तेने पाद्यादि उपचार अर्पण करीने अतसी पुष्पसंकाशं एवा मंत्रवडे तेने नमस्कार करवो. ॥२७॥ पछी तेनी आगळ पिंड सारु दर्भनुं आसन मूकवुं, अने ते उपर नाम तथा गोत्रनो उच्चार करीने पड आपवा. ॥२८॥ ए पिंड रांधेला भात किंवा जवना आटना जोइए. ने पिंडपर चंदन भांगरा अने पुष्पो चढाववां; तथा धूप, नैवेद्य, तांबूल तथा दक्षिणा वगेरे समर्पण करवां. ॥२९॥

जल अने दूधने मिश्र करीने, एक पात्रमां भरीने, तेमां अन्न मेलवीने, कागडाओने नांखवुं, पछी प्रेतना नाम तथा गोत्रनो उच्चार करीने, तलनी अंजली आपवी ॥३०॥ प्रेतना नाम तथा गोत्रनो उच्चार करीने, जे अन्नोदक वगेरे समर्पण करवामां आवे, ते मृत पुरुषने अनंत फल आपनारा थाय छे. ॥४१॥ मृत्यु पामे ते दिवसथी सपिंडसुधी प्रेत शब्दनो उच्चार करीने दान आपवां, पछी चाहे तो ए प्रेत पुरुष होय के स्त्री होय ॥३२॥ पहेले दिवसे जे द्रव्य (पिंड सारु के होम सारु जे अन्न रांधे छे ते, जेने चरु के दुग्ध कहे छे.) पदार्थ के अन्नना पिंड आप्या होय, तेना ते ज नव दिवस सुधी आपवा. ॥३३॥ प्रेतने

काकान्नं पयसोः पात्रे वर्धमानजलांजलीन् ॥ प्रेतायामुकनाम्ने च मद्दत्तमुपतिष्ठतु ॥३०॥
अन्नं वस्त्रं जलं द्रव्यमन्यद्वा दीयते च यत् ॥ प्रेतशब्देन यद्दत्तं मृतस्थानंत्यदायकम् ॥३१॥
तस्मादादिदिनादूर्ध्वं प्राक्सपिंडीविधानतः ॥ योषितः पुरुषस्यापि प्रेतशब्दं समुच्चरेत् ॥३२॥
प्रथमेऽह्नि यत्पिंडो दीयते विधिपूर्वकम् ॥ तेनैव विधिनाऽन्नेन नव पिंडान्प्रदापयेत् ॥३३॥
नवमे दिवसे चैव सपिंडैः सकलैर्जनैः ॥ तैलाभ्यंगः प्रकर्तव्यो मृतकस्वर्गकाम्यया ॥३४॥
बहिः स्नात्वा गृहीत्वा च दुर्वा लाजासमन्विताः ॥ अग्रतः प्रमदां कृत्वा समागच्छेन्मृतालयम् ॥३५॥
दूर्वावत्कुलवृद्धिस्ते लाजा इव विकासता ॥ एवमुक्त्वा त्यजेद्देहे लाजान्दूर्वासमन्वितान् ॥३६॥

स्वर्ग प्राप्त थवा सारु नवमे दिवसे सपिंडथी तैलाभ्यंग करवुं. ॥३४॥ अने घरनी बहार स्नान करवुं. तथा हाथमां धरो तथा जल ग्रहण करीने, स्त्रीओने पोतानी आगळ करीने पोते पाछळ रहीने, मृतस्थान तरफ जवुं. ॥३५॥ अने एम कहेवुं के, धरोनी पेठे तमारा कुलनी वृद्धि हजो, तथा आ रंगेला चोखा अथवा वीरणना वाळाना मूळनी पेठे तमारी कुलनो विकासता हजो. एम कहीने ते ठेकाणे दूर्वा (धरो) सहित लाज (रंगेला चोखा अथवा वीरणना वाळा) नांखवा. ॥३६॥

दशमे दिवसे मांसनो पिंड आपवो; परंतु कळियुगमां मांसनो निषेध छे, तेथी तेने ठेकाणे अडदना आटानो पिंड आपवो. ॥३७॥ दशमे दिवसे सघळा बांधवादिकोए क्षौर (हजामत) कराववुं परंतु क्रिया करनारा पुत्रे तो मात्र सपिंडी पछी कराववुं. ॥३८॥ दशमे दिवसे सघळा बांधवोए क्षौर हजामत कराववुं; तेमज क्रिया करनारे पण कर्मो करीने फरी सपिंडीने दिवसे क्षौरकर्म करवुं. आ बेउ वाक्योनी व्यवस्था देश परत्वे करीने जाणवी. ॥३८॥ दश दिवस सुधी नित्य एक ब्राह्मणने मिष्टान्ननुं भोजन कराववुं, अने भगवाननुं ध्यान करीने तथा हाथ जोडीने, प्रेतनी मुक्ति थजो एवु चिंतन करवुं. ॥३९॥ अळसीनां

दशमेऽहनि मांसेन पिंडं दद्यात्खगेश्वर ॥ माषेण तन्निषेधाद्वा कलौ न पलपैतृकम् ॥३७॥
दशमे दिवसे क्षौरं बांधवानां समुंडनम् ॥ क्रियाकर्तुः सुतस्यापि पुनर्मुंडनमाचरेत् ॥३८॥
मिष्टान्नैर्भोजयेदेकं दिनेषु दशसु द्विजम् ॥ प्रार्थयेत्प्रेतमुक्तिं च हरिं ध्यात्वा कृतांजलिः ॥३९॥
अतसीपुष्पसंकाशं पीतवाससमच्युतम् ॥ ये नमस्यंति गोविंदं न तेषां विद्यते भयम् ॥४०॥
अनादिनिधनो देवः शंकचक्रगदाधरः ॥ अक्षय्यः पुंडरीकाक्ष ! प्रेतमोक्षप्रदो भव ॥४१॥
इति संप्रार्थनामंत्रं श्राद्धांते प्रत्यहं पठेत् ॥ स्नात्वा गत्वा गृहे दत्वा गोग्रासं भोजनं चरेत् ॥४२॥

इति श्रीगरुडपुराणे सारोद्धारे दशगात्रविधिनिरूपणो नामैकादशोऽध्यायः ॥४२॥

पुष्प जेवी जेनी कांति तथा जेणे ( पीळां ) वस्त्र परिधान करेलां एवा भगवानने जे नमस्कार करे छे, तेने कोइपण ठेकाणे भय प्राप्त थतो नथी. ॥४०॥ हे भगवान् ! आप आदि तथा अंतथी रहित छतां शंख, चक्र अने गदाने धारण करनार छो. तो हे कमळनी पांखडी समान नेत्रयुक्त भगवान् ! आप ए प्रेतने मोक्षना आपनारा थजो. ॥४१॥ आवी रीतनी प्रार्थनाना मंत्र नित्य श्राद्ध कर्या पछी उच्चारवा, पछी स्नान करीने, घेर जइने, गायने अन्न आपीने भोजन करवुं. ॥४२॥

इति श्री गरुडपुराणे सारोद्धारे दशगात्रविधिनिरूपणो नाम एकादशोऽध्यायः ॥११॥



११८

॥ अथ द्वादशमोऽध्यायः ॥

गरुड भगवानने प्रश्न पूछे छे के, हे सुरेश्वर ! अगियारमा दिवसनो विधि तथा वृषोत्सर्गनुं विधान वगेरे कहो. ॥१॥ भगवान कहे छे; हे गरुड ! अगियारमे दिवसे प्रातःकाले जलनी समीपे जवुं. अने त्यां अति यत्न वडे और्ध्वदैहिक क्रिया करवी. ॥२॥ ते एम के, वेदशास्त्रना जाणनार ब्राह्मणने बोलावीने, तेमने नमस्कार करीने, तेमनी आगळ हाथ जोडीने, प्रेतनी मुक्ति सारु तेमने प्रार्थना करवी, ॥३॥

## ॥ अथ द्वादशमोऽध्यायः ॥

गरुड उवाचः—

एकादशदिनस्यापि विधिं ब्रूहि सुरेश्वर ! ॥ वृषोत्सर्गविधानं च वद मे जगदीश्वर ! ॥१॥

श्रीभगवानुवाचः—

एकादशेऽह्नि गंतव्यं प्रातरेव जलाशये ॥ और्ध्वदेहिक्रिया सर्वा करणीया प्रयत्नतः ॥२॥
निमंत्रयेद् ब्राह्मणांश्च वेदशास्त्रपरायणान् ॥ प्रार्थयेत्प्रेतमुक्तिं च नमस्कृत्य कृतांजलिः ॥३॥
स्नानसंध्यादिकं कृत्वा ह्याचार्योऽपि शुचिर्भवेत् ॥ विधानं विधिवत्कुर्यादेकादशदिनोचितम् ॥४॥
अमंत्रं कारयेच्छ्राद्धं दशाहं नामगोत्रतः ॥ एकादशेऽह्नि प्रेतस्य दद्यात्पिंडं समंत्रकम् ॥५॥
सौवर्णं कारयेद्विष्णुं ब्रह्माणं रौप्यकं तथा ॥ रुद्रस्ताम्रमयः कार्यो यमो लोहमयः खग ! ॥६॥

आचार्य (गौर अने गामोट) सहित स्नान संध्यादि सकल नित्यकर्म कर्या पछी अगियारमा दिवसने योग्य एवुं यथाविधि विधान करवुं. ॥४॥ दश दिवस सुधी मंत्रहीन छतां, मात्र नाम तथा गोत्रनो उच्चार करीने ज श्राद्धकर्म करवां एम कहेलुं छे. परंतु अगियारमा दिवसे मंत्रनी साथे पिंडदान करवुं. ॥५॥ सुवर्णनी विष्णुनी प्रतिमा करवी, रूपानी ब्रह्मदेवनी प्रतिमा करवी; त्रांबानी रुद्रनी प्रतिमा करवी अने लोढानी यमराजनी प्रतिमा करवी. ॥६॥

गंगोदकथी भरेलो विष्णुकळश पश्चिम दिशाए स्थापन करवो; अने पीळां वस्त्रथी वींटेली बिष्णुनी मूर्ति ते पर स्थापन करवी, ॥७॥ दूध अने जळथी भरेलो कुंभ पूर्व दिशा तरफ स्थापन करवो, अने श्वेत वस्त्रथी आच्छाद करेली ब्रह्मदेवनी प्रतिमा ते पर स्थापन करवी. ॥८॥ मध अने घीथी भरेलो कुंभ उत्तर स्थापन करवो, अने राता वस्त्रथी वींटेली रुद्रनी प्रतिमा ते पर स्थापन करवी. ॥९॥ मात्र जळथीपूर्ण भरेलो कुंभ दक्षिण दिशाए स्थापन करवो, तथा ते पर काळा वस्त्रथी वींटेलीं यमराजनी प्रतिमा स्थापन करवी. ॥१०॥ ए चारे कुंभनी वच्चे रंग वडे मंडळ करीने, तेपर कौशिक नामना ब्राह्मणनी प्रतिमा

पश्चिमे विष्णुकलशं गंगोदकसमन्वितम् ॥ तस्योपरिन्यसेद्विष्णुं पीतवस्त्रेण वेष्टितम् ॥७॥
पूर्वे तु ब्रह्मकलशं क्षीरोदकसमन्वितम् ॥ ब्रह्माणं स्थापयेत्तत्र श्वेतवस्त्रेण वेष्टितम् ॥८॥
उत्तरस्यां रुद्रकुंभं पूरितं मधुसर्पिषा ॥ श्रीरुद्रं स्थापयेत्तत्र रक्तवस्त्रेण वेष्टितम् ॥९॥
दक्षिणस्यां यमगटर्मिद्रोदकसमन्वितम् ॥ कृष्णवस्त्रेण संवेष्टय तस्योपरि यमं न्यसेत् ॥१०॥
मध्ये तु मंडलं कृत्वा स्थापयेत्कौशिकं सुतः ॥ दक्षिणाभिमुखो भूत्वापसव्येन च तर्पयेत् ॥११॥
विष्णुं विधिं शिवं धर्मं वेदमंत्रैश्च तर्पयेत् ॥ होमं कृत्वा चरेत्पश्चाच्छ्राद्धं दशघटादिकम् ॥१२॥
गोदानं च ततो दद्यात्पितॄणां तारणाय वै ॥ गौरेषा हि मया दत्ता प्रीतये तेऽस्तु माधव ! ॥१३॥

स्थापन करवी, पछी दक्षिण तरफ मों करीने, अपसव्य (जनोइ जोइए ते खभे न पहेरतां, उलटी पहेरवी ते) थी तर्पण करवुं. ॥११॥ पछी विष्णु, ब्रह्मदेव, शिव तथा यम धर्मनुं वेदोक्त मंत्रवडे तर्पण करवुं, पछी होम करीने, दशघटादिक श्राद्ध करवुं. ॥१२॥ पछी पितरोना उद्धारने अर्थे गोप्रदान आपवुं, ते समये भगवाननी प्रार्थना करवी, ते एम के; हे भगवान् ! में जे आ गाय आपी छे, ते आपनी प्रतिने अर्थे हजो. ॥१३॥

पछी गायने लगतां जे जे उमर्युक्त वस्त्रादि होय, ते सर्व तथा घीथी भरेलुं कांसानुं पात्र तथा ते पर सप्त धान्यादि जे कांइ अपेक्षित (जरूरनुं) होय, ते सर्वेनुं दान करवुं. ॥१४॥ तिलादि आठ महा दान अंतकाले आप्यां न होय, तो ते पण शय्यादाननी साथे आपवां. ॥१५॥ जे ब्राह्मणने शय्यादान आपवानुं होय, तेना पग धोवा तथा तेमने वस्त्रादि अलंकार आपीने, तेमनुं पूजन करवुं, तथा सिद्धान्न (रांधेलुं अन्न) तथा मोदक अने अपूप (चोळाना पुडला अथवा अडदनी वाटेली दाळनां वडां) पीरसावीने भोजन आपवुं. ॥१६॥ पछी क्रिया करनार पुत्रे ए शय्यापर सुवर्णनो करेलो पुरुष स्थापन करवो;

उपयुक्तं तु तस्यासीद्वस्त्रभूषणवाहनम् ॥ घृतपूर्णं कास्यपात्रं सप्तधान्यं तदीप्सितम् ॥१४॥
तिलाद्यष्टमहादानमंतकाले न चेत्कृतत् ॥ शय्यासमीपे धृत्वैतद्दानं तस्याः प्रदापयेत् ॥१५॥
प्रक्षाल्य विप्रचरणौ पूजयेदंबरादिभिः ॥ सिद्धान्नं तस्य दातव्यं मोदकापूपका पयः ॥१६॥
स्थापयेत्पुरुषं हैमं शय्योपरि तदा सुतः ॥ पूजयित्वा प्रदातव्या मृतशय्या यथोदिता ॥१७॥
प्रेतस्य प्रतिमायुक्ता सर्वोपकरणैर्वृता ॥ प्रेतशय्या मया ह्येषा तुभ्यं विप्र ! निवेदिता ॥१८॥
इत्याचार्याय दातव्या ब्राह्मणाय कुटुंबिने ॥ ततः प्रदक्षिणीकृत्य प्रणिपत्य विसर्जयेत् ॥१९॥
एवं शय्याप्रदानेन श्राद्धेन नवकादिना ॥ वृषोत्सर्गविधानेन प्रेतो यति परां गतिम् ॥२०॥

अने ए पुरुषनुं पूजन करीने, ब्राह्मणने ए शय्या आपवी. ॥१७॥ पछी ब्राह्मणनी आ मंत्रथी प्रार्थना करवी, ते एम के, हे ब्राह्मण ! प्रेतनी प्रतिमावाळी छतां, सकल सामग्रीथी युक्त एवी शय्या में तमने समर्पण करी छे. ॥१८॥ एम कहीने कुटुंबवत्सल छतां विद्वान होय ते ब्राह्मणने ए शय्या आपवी, पछी ब्राह्मणने नमस्कार करीने, तेमने जवा देवा. ॥१९॥ ए रीतनां शय्या-दान तथा वृषोत्सर्गना विधानने लीधे, प्रेत उत्तम गतिने पामे छे. ॥२०॥

१२९

अगियारमे दिवसे यथाविधि वृषोत्सर्ग करवो, एम के कोइ पण अवयवथी वाछडो खोडीलो न छतां, वयमां बाल तथा रंग लाल न जोइए. ए वृष–(वाछडा)ना लक्षण कहेलां छे ते जोइने, तेनुं दान करवुं. ॥२१॥ ते एम के, रातां नेत्र छतां रंग पिंगलो (छींकणीना रंगनो) जोइए, तथा तेनां शींगडां, गळुं पगनी खरीओ ए रातां जोइए, तेनुं पेट श्वेत अने पुंठ काळी जोइए, एवा लक्षणवाळो वाछडो ब्राह्मणने आपवानुं कहेलुं छे. ॥२२॥ जेनो रंग लाल अथवा मुंजडीओ होय, एवो वाछडो क्षत्रीए आपवो, पीळा रंगनो वैश्ये आपवो, काळा रंगनो शुद्रे आपवो. ॥२३॥ जे बधे अंगे तपखीरीओ छतां, पूंछडे तथा पगे श्वेत रंगनो होय तेने

एकादशेऽह्नि विधिना वृषोत्सर्गं समाचरेत् ॥ हीनांगं रोगिणं बालं त्यक्त्वा कुर्यात्सलक्षणम् ॥२१॥
रक्ताक्षः पिंगलो यस्तु रक्तः शृंगे गले खुरे ॥ श्वेतोदरः कृष्णपृष्टो ब्राह्मणस्य विधीयते ॥२२॥
सुस्निग्धवर्णो यो रक्तः क्षत्रियस्य विधीयते ॥ पीतवर्णश्च वैश्यस्य कृष्णः शूद्रस्य शस्यते ॥२३॥
यस्तु सर्वांगपिंगः स्याच्छ्वेतः पुच्छे पदेषु च ॥ स पिंगो वृष इत्याहुः पितृणां प्रीतिवर्धनः ॥२४॥
चरणास्तु मुखं पुच्छं यस्य श्वेतानि गोपतेः ॥ लाक्षारससवर्णो यः स नील इति कीर्तितः ॥२५॥
लोहितो यस्तु वर्णेन मुखे पुच्छे च पांडुरः ॥ पिंगः खुरविषाणाभ्यां रक्तनीलो निगद्यते ॥२६॥
सर्वांगेष्वेकवर्णो यः पिंगः पुच्छे खुरेषु यः ॥ तं नीलपिगमित्याहुः पूर्वजोद्धारकारकम् ॥२७॥

पिंगरंगनो कहेवाव छे, एवा वाछरडानो उत्सर्ग करे छे, ते पितृओनी प्रीतिथी वृद्धि मेळवे छे. ॥२४॥ जे वृषभना पग, मों तथा पुच्छ श्वेत होय, अने जेना बाकीना अंगनो रंग रातो बळता जेवो होय तेने नील एम कहे छे. ॥२५॥ जे रंग लाल छतां मोढे तथा पूंछडे सफेद, खरीओ अने शींगडां तपखीरीया होय, तेने रक्तनील कहेवो. ॥२६॥ जे सर्वांगे एक ज रंगनो छतां, पूंछडेथी तपखीरीआ (सुरा) रंगनो होय, तेने नीलपिंग कहेवो, आ वृषभ पूर्वजोनो उद्धार करनार जाणवो. ॥२७॥

जेनो रंग कबूतरना जेवो छतां, माथे टीलु होय, तेने बभ्रुनील कहे छे, आ वृष सर्वांगे सुशोभित होय छे. ॥२८॥ जेने सर्गांगे नील वर्ण छतां रातां नेत्र होय तेने महानील कहे छे, ए रीते पांच प्रकारनां नील जाणवा. ॥२९॥ हे गरुड ! वृषोत्सर्ग अवश्य करवो, उत्सर्ग कर्या पछी ए वाछरडाने पकडवो नहीं; तेमज ते घेर आवे तो तेनुं घरमा पालन पण करवुं नहीं, ए बाबत एक पुरातनी कथा छे, ॥३०॥ ते एवी के, घणा पुत्र होय तो बहु सारुं, एवी मनुष्ये इच्छा राखवी कारण के, तेमांनो एक पण गयाजीए जइने श्राद्ध करे, अथवा पुत्रीनो विवाह करे, के नीलजातिना वृषनो उत्सर्ग करे. ॥३१॥ जे वृषोत्सर्ग करे

पारावतसवर्णस्तु ललाटे तिलकान्वितः ॥ तं बभ्रुनीलमित्याहुः पूर्ण सर्वांगशोभनम् ॥२८॥
नीलः सर्वशरीरेषु रक्ताश्च नयनद्वये ॥ तमप्याहुर्महानीलं नीलः पंचविधः स्मृतः ॥२९॥
अवश्यमेव मोक्तव्यो न स धार्यो गृहे भवेत् ॥ तदर्थमेष चरति लोके गाथा पुरातनी ॥३०॥
एष्टव्या बहवः पुत्रा यद्येकोऽपि गयां व्रजेत् ॥ गौरीं विवाहयेत्कन्यां नीलं वा वृषमुत्सृजेत् ॥३१॥
स एव पुत्रो मंतव्यो वृषोत्सर्गं तु यश्चरेत् ॥ गयायां श्राद्धादाता च योऽन्यो विष्टासमः किल ॥३२॥
रौरवादिषु ये केचित्पच्यंते यस्य पूर्वजाः ॥ वृषोत्सर्गेण तान्सर्वांस्तारयदेकविंशतिम् ॥३३॥
वृषोत्सर्गं किलेच्छंति पितरः स्वर्गता अपि ॥ अस्मद्वंशे सुत्रः कोऽपि वृषोत्सर्गं करिष्यति ॥३४॥

छे, तथा गया श्राद्ध करे छे. तेने ज पुत्र जाणवो, बीजाने विष्टा तुल्य जाणवो. ॥३२॥ जेना पूर्वज रौरवादि नरकमां पची रह्या होय, ते वृषोत्सर्ग करे तो तेनी भूतकाळनी पेठीओना पूर्वजो नरक थकी मुक्त थाय छे. ॥३३॥ कदापि कोइना पितृओ स्वर्गमां वसता होय तथापि त्यां रह्या रह्या एवी इच्छा राखे छे के, अमारा वंशमां कोइ एवा वंशज उत्पन्न थाय तो ठीक, ते जे अमने उद्धारवाना हेतुथी वृषोत्सर्ग करे. ॥४४॥

के जेना उत्सगने लीधे अमे परम गतिने पामीए, सकल यज्ञोमां वृषयज्ञ मुक्ति आपनारो छे. ॥३५॥ माटे पितृओनी मुक्तिने अर्थे यत्नपूर्वक यथाविधि वृषयज्ञ करवो. ॥३६॥ ते विधि एवो के, तन्मंत्रवडे प्रथम नवग्रहनुं स्थापन तथा पूजन करवुं, पछी यथाविधि होम करवो अने वाछडा तथा वाछडीनुं पूजन करवुं. ॥३७॥ पछी वाछडो तथा वाछडी मंगावीने, तेमने कंकण बांधवां, पछी विवाहविधिथी एक स्तंभ रोपवो. ॥३८॥ अने ए ठेकाणे ए वाछडो तथा वाछडीनुं स्थापन करवुं, पछी रुद्रदेवना जळवडे ए बेउने स्नान कराववुं तथा गंधपुष्पवडे तेमनुं पूजन करीने, प्रदक्षिणा करवी. ॥३९॥ पछी ए

तदुत्सर्गाद्वयं सर्वे यास्यामः परमां गतिम् ॥ सर्वयज्ञेषु चास्माकं वृषयज्ञो हि मुक्तिदः ॥३५॥
तस्मात्पितृविमुक्त्यर्थं वृषयज्ञं समाचरेत् ॥ यथोक्तेन बिधानेन कुर्यात्सर्वप्रयत्नतः ॥३६॥
ग्रहाणां स्थापनं कृत्वा तत्तन्मंत्रैश्च पूजनम् ॥ होमं कुर्याद्यथाशास्त्रं पूजयेद्वृषमातुरः ॥३७॥
वत्सं वत्सीं समानाय्य बध्नीयात्कंकणं तयोः ॥ वैवाह्येन विधानेन स्तंभमारोपयेत्तदा ॥३८॥
स्नापयेच्च वृषं वत्सीं रुद्रकुंभोदकेन च ॥ गंधमाल्यैश्च संपूज्य कारयेच्च प्रदक्षिणाम् ॥३९॥
त्रिशूलं दक्षिणे पार्श्वे वामे चक्रं प्रदापयेत् ॥ तं विमुच्यांजलिं बध्वा पठेन्मंत्रमिमं सुतः ॥४०॥
धर्मस्त्वं वृषरूपेण ब्रह्मणा निर्मिताः पुरा ॥ तवोत्सर्गप्रदानेन तारयस्व भवार्णवात् ॥४१॥
इति मंत्रान्नमस्कृत्य वत्सं वत्सीं समुत्सजेत् ॥ वरदोहं सदा तस्य प्रेतमोक्षं ददामि च ॥४२॥

वृषना जमणे पासे त्रिशूळ तथा डांबे पासे चक्र स्थापन करवुं, पछी वृषादिने छोडीने एमनो आगळ हाथ जोडीने, आगळ कहेवामां आवशे ते मंत्रोच्चार करवो. ॥४०॥ ए मंत्रनो अर्थ–तमे वृष रूपे धर्म छो, तमने आ रूपे ब्रह्मदेवे निर्माण कर्या छे, में तमारो उत्सर्ग कर्यो छे, तो तमे मारुं आ भवरूपी संसार थकी रक्षण करो. ॥४१॥ एवा मंत्रवडे ए बेउने नमस्कार करीने, तेमनो उत्सर्ग करवो, भगवान कहे छे, हे गरुड ! ए रीतनुं कर्म करनारने हुं वर आपनारो थइने, ए प्रेतने मोक्ष आपीश ॥४२॥



१२४

हे गरुड ! ए कर्म अवश्य करवुं, मरनार पुरुषनो उत्सर्ग पुत्र करे, तेथी जे फळ मरनार पुरुषने प्राप्त थाय छे, ते फळ जीवित छतां, पोताने ज प्राप्त थवाना हेतुथी करे, तो पण ए रीतनुं ज फळ प्राप्त थाय छे, अपुत्र (वांझीयो) पुरुष आ कर्म करे, तो तेने सुखथा उत्तम गतिनी प्राप्ति थाय छे. ।।४३।। आ कर्म, कार्तिकादि शुभ मासमां, उत्तरायणनो सूर्य थाय त्यारे अथवा अजवाळी के अंधारी द्वादशीथी आरंभीने, तेनी जोडेनी तिथिमां करवुं, ।।४४।। चंन्द्र अथवा सूर्यना ग्रहणनी तिथिए, मेष अथवा तुला संक्रांतिए अथवा दक्षिणायन के उत्तरायण थाय ते दिवसे वृषोत्येगरूपी कर्म करवुं. ।।४५।। ते एवी रीते के,

तस्मादेष प्रकर्तव्यस्तत्फलं जीवतो भवेत् ॥ अपुत्रस्तु स्वयं कृत्वा सुखं याति परां गतिम् ॥४३॥
कार्तिकादौ शुभे मासे चोत्तरायणगे रवौ ॥ शुक्लपक्षेऽथ वा कृष्णे द्वादश्यादितिथौ तथा ॥४४॥
ग्रहणद्वितये चैव पुण्यतीर्थेऽयनद्वये ॥ विषुवद्वितये चापि वृषोत्सर्गं समाचरेत् ॥४५॥
शुभे लग्ने मुहूर्ते च शुचौ देशे समाहितः ॥ ब्राह्मणं तु समाहूय विधिज्ञं शुभलक्षणम् ॥४६॥
जपैर्होमैस्तथा दानैः प्रकुर्याद्देहशोधनम् ॥ पूर्ववत्सकलं कृत्यं कुर्याद्धोमादिलक्षणम् ॥४७॥
शालिग्रामं च संस्थाप्य वैष्णवं श्राद्धमाचरेत् ॥ आत्मश्राद्धं ततः कुर्याद्द्याद्दानं द्विजन्मने ॥४८॥
एवं यः कुरुते पक्षिन्नपुत्रस्यापि पुत्रवान् ॥ सर्वकामफलं तस्य वृषोत्सर्गात्प्रजायते ॥४९॥

प्रथम शुभ लग्न तथा शुभ मुहूर्त जोइने, तथा उत्तम देश जोइने, स्वस्थ अंतःकरणथी ए कर्म करवुं, सकळ लक्षणथी संपन्न छतां जेने कर्मज्ञान होय एवा विद्वान ब्राह्मणने बोलाववो. ।।४६।। पछी जप तथा होम कराव्या पछी दान आपीने, देहने शुद्ध करवो अने प्रथम कह्या प्रमाणे होमादि सकल कृत्य समाप्त करवां. ।।४७।। पछी शालिग्रामनी स्थापना करीने, वैण्णवी श्राद्ध करवुं. पछी आत्म श्राद्ध करीने, ब्राह्मणने दान आपवुं. ।।४८।। हे गरुड ! ए प्रमाणे जे विधि करे छे ते पुत्रवान होय किंवा पुत्रहीन होय, तथापि तेना सकल मनोरथ ए वृषोत्सर्ग रूपी कर्मथकी सिद्ध थाय छे. ।।४९।।

अग्निहोत्रादिभिर्यज्ञैर्दानैश्च विविधैरपि ॥ न तां गतिमवाप्नोति वृषोत्सर्गेण यां लभेत् ॥५०॥
बाल्ये कौमारे पौगंडे यौवने वार्धके कृतम् ॥ यत्पापं तद्विनश्येत वृषोत्सर्गान्न संशयः ॥५१॥
मित्रद्रोही कृतघ्नश्च सुरापो गुरुतल्पगः ॥ ब्रह्महा हेमहारी च वृषोत्सर्गात्प्रमुच्यते ॥५२॥
तस्मात्सर्वप्रयत्नेन वृषयज्ञं समाचरेत् ॥ वृषोत्सर्गसमं पुण्यं नास्ति तार्क्ष्य ! जगत्त्रये ॥५३॥
पतिपुत्रवती नारी द्वयोरग्रे मृता यदि ॥ वृषोत्सर्गं नैव कुर्याद्दद्याद्गां च पयस्विनीम् ॥५४॥
वृषभं वाहयेद्यस्तु स्कंधे पृष्ठे च खेचर ! ॥ स पतेन्नरके घोरे यावदाभूतसंप्लवम् ॥५५॥
वृषभं ताडयेद्यस्तु निर्दयो मुष्टियष्टिभिः ॥ स नरः कल्पपर्यंतं भुनक्ति यमयातनाम् ॥५६॥
एवं कृत्वा वृषोत्सर्गं कुर्याच्छ्राद्धानि षोडश ॥ सपिंडीकरणादर्वाक् तदहं कथयामि ते ॥५७॥

वृषोत्सर्ग करवाथी जे गति प्राप्त थाय छे, ते अग्निहोत्रादि यज्ञ तथा अनेकविध दानोथी पण प्राप्त थती नथी. ॥५०॥ बाल्य, पौगंड, कौमार, तारुण्य तथा वृद्धावस्थामां जे जे पापकर्म कर्यां होय ते सर्व वृषोत्सर्गरूपी कर्मथी नाश पामे ने एमां संदेह नथी. ॥५१॥ मित्रद्रोह, कृतघ्नता, सुरापान, गुरुपत्नी साथे गमन, ब्रह्महत्या तथा सोनुं ओळववुं वगेरे पापो थकी वृषोत्सर्ग करे तो मुक्त थाय छे. ॥५२॥ माटे सर्व यत्नसहित वृषयज्ञ करवो, हे गरुड ! वृषोत्सर्ग समान पुण्य आ जगत्त्रयमां नथी. ॥५३॥ जे स्त्री पति तथा पुत्रने आरोग्य मूकीने मरे तो तेने फळ प्राप्त थाय एवा हेतुथी वृषोत्सर्ग करवो नहीं. मात्र घणुं दूध देती होय एवी एक गाय ब्राह्मणने आपवी. ॥५४॥ हे गरुड ! जे पुरुष आखलापर बेसीने पोताना शरीरनो भार वहेवरावे छे, ते महाप्रलय थतां लगी भयंकर नरकमां ज पडेलो रहे छे. ॥५५॥ जे पुरुष निर्दय थइने, बळद के आखलाने हाथ के लाकडीथी मारे छे, ते कल्प सुधी यमयातना भोगवे छे. ॥५६॥ ए प्रमाणे वृषोत्सर्ग करीने. सपिंडी सुधीनां श्राद्ध करवां, तेनो काल तथा विधि तमने कहुं छुं. ॥५७॥

मरण पामे ते स्थाने, घरना मोटा बारणे, श्मशानना अर्धे रस्ते, चितामां प्रेतना हाथपर तथा अस्थि (हाडकां) एकठां करवाना ठेकाणे अने दश दिवस सुधीना दश एवी रीते पिंड आपवा. ॥५८॥ प्रथम श्राद्ध तथा षोडश श्राद्धने मलिन कहे छे. हवे षोडशमांनुं बीजुं श्राद्ध कथन करुं छुं. ॥५९॥ पहेलो पिंड विष्णुने अर्पण करवो, बीजो शिवने आपवो, त्रीजो पिंड परिवार सहितना यमने आपवो. ॥६०॥ चोथो पिंड चंद्रने आपवो; पांचमो अग्निने छट्ठो कव्यवाह नामना देवने तथा सातमो पिंड

स्थाने द्वारेऽर्धमार्गे च चितायां शवहस्तके ॥ अस्थिसंचयने षष्ठो दशपिंडा दशाह्निकाः ॥५८॥
मलिनं षोडशं चैतत्प्रथमं परिकीर्तितम् ॥ अन्यच्च षोडशं मध्ये द्वितीयं कथयामि ते ॥५९॥
प्रथमं विष्णवे दद्याद्वितीयं श्रीशिवाय च ॥ याम्याय परिवाराय तृतीयं पिंडमुत्सृजेत् ॥६०॥
चतुर्थं सोमराजाय हव्यवाहाय पंचमम् ॥ कव्यवाहाय षष्ठं च दद्यात्कालाय सप्तमम् ॥६१॥
रुद्राय चाष्टमं दद्यान्नवमं पुरुषाय च ॥ प्रेताय दशमं चैवैकादशं विष्णवे नमः ॥६२॥
द्वादशं ब्रह्मणे दद्याद्विष्णवे च त्रयोदशम् ॥ चतुर्दशम् शिवायैव यामाय दशपंचकम् ॥६३॥
दद्यात्तत्पुरुषयैव पिंडं षोडशकं खग ! ॥ मध्यं षोडशकं प्राहुरेतत्तत्त्वविदो जनाः ॥६४॥
द्वादश प्रतिमासेषु पाक्षिकं च त्रिपाक्षिकम् ॥ न्यूनषाण्मासिकं पिंडं दद्यान्न्यूनाब्दिकं तथा ॥६५॥

काल नामना देवने आपवो. ॥६१॥ आठमो पिंड रुद्रने, नवमो पुरुष नामना देवने, दशमो प्रेतने तथा अगियारमो पिंड विष्णुने आपवो. ॥६२॥ बारमो पिंड ब्रह्मदेवने आपवो, तेरमो विष्णुने, चौदमो शिवने तथा पंदरमो यमराजने आपवो. ॥६३॥ सोळमो पिंड यमपुरुषने आपवो. ए श्राद्धने तत्त्ववेत्ता मध्यम षोडशक कहे छे. ॥६४॥ चार महिना सुधी प्रत्येक मासे मासिक श्राद्ध करवुं, ते बार अने पाक्षिक, त्रिपाक्षिक, न्यूनाब्दिक मळीने सोळ श्राद्ध करवां. ॥६५॥

हे गरुड ! में तमने ए उत्तम षोडश श्राद्ध कह्यां, अगियारमे दिवसे चरु-(चोखा) ना पिंड आपीने ए श्राद्ध करवुं. ॥६६॥ प्रेतत्वनो नाश करवा सारु जेनी पाछळ अडतालीस श्राद्ध थाय छे, ते प्रेतत्वथकी मुक्त थइने पितरोनी पंक्तिमां प्रविष्ट (भळवुं. मळवुं, दाखल थवुं) थाय छे. ॥६७॥ पितरोनी पंक्तिमां प्रवेश थवा सारु ए अडताळीस श्राद्ध करवां, जेना पाछळ ए श्राद्ध थयां न होय, तेनुं प्रेतपणुं तेवुं ने तेवुं ज कायम रहे छे. ॥६८॥ ज्यांसुधी प्रेतपणुं जाय नहीं, त्यांसुधी स्वदत्त श्राद्ध तेने

उत्तमं षोडशं चैतन्मया ते परिकीर्तितम् ॥ श्रपयित्वा चरुं तार्क्ष्य ! कुर्यादेकादशेऽह्नि ॥६६॥
चत्वारिंशत्तथैवाष्टौ श्राद्धं प्रेतत्वनाशनम् ॥ यस्य जातं विधानेन स भवेत्पितृपंक्तिभाक् ॥६७॥
पितृपंक्तिप्रवेशार्थं कारयेत्षोडशत्रयम् ॥ एतच्छ्राद्धविहीनश्चेत्प्रेतो भवति सुस्थिरम् ॥६८॥
यावन्न दीयते श्राद्धं षोडशत्रयसंज्ञकम् ॥ स्वदत्तं परदत्तं च तावन्नैवोपतिष्ठते ॥६९॥
तस्मात्पुत्रेण कर्तव्यं विधिना षोडशत्रयम् ॥ भर्तुर्वा कुरुते पत्नी यस्य श्रेयो ह्यनंतकम् ॥७०॥
संपरेतस्य या पत्युः कुरुते चौर्ध्वदेहिकम् ॥ क्षयाहं पाक्षिकश्राद्धं सा सती ह्युच्यते मया ॥७१॥
उपकाराय सा भर्तृर्जीवत्येषा पतिव्रता ॥ जीवितं सफलं तस्या या मृतं स्वामिनं भजेत् ॥७२॥

प्राप्त थतां नथी. ॥६९॥ माटे पुत्रे यथाविधिए श्राद्ध करवां, पत्नीए पोताना पतिनां ए श्राद्धो करीने, तेने प्रेतत्वथकी मुक्त करवो, एम करे तो ते थकी तेणीनुं पण कल्याण थाय छे. ॥७०॥ पति मरण पामे तो, तेनुं और्ध्वदेहिक कर्म जे स्त्री करे छे तथा प्रत्येक वर्ष श्राद्धपक्षादि करे छे, तेणीने सती कहेवी. ॥७१॥ ए प्रकारे कर्मो करीने, जे जीवन पामे छे, ते पतिना उपकारने अर्थे ज जीवन पामे छे एम जाणवुं, जे स्त्री पति मुआ छतां तेना आत्मानुं सेवन करे छे, तेणीनुं जीवित सफल जाणवुं ।७२।



१२८

भगवान् कहे छेः हे गरुड !' कदापि कोइ मनुष्य असावधपणाथी किंवा दैवयोगथी जळ के अग्निमां पडवाथी मरण पामे, तो तेना प्रथम कह्या प्रमाणे नारायणबलि विगेरे सर्व क्रियाओ करवी. ॥७३॥ कोइ असावध छतां बुद्धिपूर्वक आत्महत्या करे, अथवा सर्पदंशथी मरण पामे, तो तेनी पण नारायणबलि वगेरे सर्व क्रियाओ करवी; परन्तु सर्पदंशथी मरण पाम्यो होय, तो बेउ पखवाडीआंनी वचली पंचमीनी तिथिए नागनुं पूजन करवुं. ॥७४॥ ते एवी रीते के भूमिपर आटावडे नाग करवा, अने तेमनुं सुगंधयुक्त धोळां पुष्पोथी पूजन करवुं तथा तेमने चंदन चढाववुं. ॥७५॥ अने तेमने धूप तथा दीप समर्पण करीने,

अथ कश्चित्प्रमादेन म्रियते वह्निवारिभिः ॥ संस्कारप्रमुखं कर्म सर्वं कुर्याद्यथाविधि ॥७३॥
प्रमादादिच्छया वाऽपि नागद्वा म्रियते यदि ॥ पक्षयोरुभयोर्नागं पंचमीषु प्रपूजयेत् ॥७४॥
कुर्यात्पिष्टमयीं लेख्यां नागभोगाकृतिं भुवि ॥ अर्चयेत्तां सितैः पुष्पैः सुगंधैश्चंदनेन च ॥७५॥
प्रदाद्याद्धूपदीपौ च तंडुलांश्च तिलान्क्षिपेत् ॥ आमपिष्टं च नैवेद्यं क्षीरं च विनिवेदयेत् ॥७६॥
सौवर्णं शक्तितो नागं गां च दद्याद्द्विजन्मने ॥ कृतांजलिस्ततो ब्रूयात्प्रीयतां नागराडिति ॥७७॥
पुनस्तेषां प्रकुर्वीत नारायणबलिक्रियाम् ॥ तथा लभंते स्वर्गासं मुच्यंते सर्वपातकैः ॥७८॥
एवं सर्वक्रियां कृत्वा घटं सान्नं जलान्वितम् ॥ दद्यादाब्दं यथासंख्यपिन्डान्वा सजलान्क्रमात् ॥७९॥

तेमने तल तथा चोखा चडाववा, पछी तेमने कुलेरनुं नैवेद्य समर्पण करीने दूध समर्पण करवुं. ॥७६॥ पछी ब्राह्मणने शक्ति प्रमाणे सुवर्णदान तथा गोप्रदान आपवां पछी हाथ जोडीने तेमनी प्रार्थना करवी, ते एम के, हे नागराज, मारा पूजनथी मारापर संतुष्ट थजो. ॥७७॥ पछी ए मरनारनी नारायणबलिरूपी क्रिया करवी, के जे करवाथी ए प्राणी सकल पातकोथकी मुक्त थइने स्वर्गने पामे छे. ॥७८॥ ए रीते सकल क्रियाओ करीने, वर्ष पूरुं थतां सुधी अन्नोदक सहित नित्य घटदान ( पाणीथी भरेलो घडो ) करवुं, अथवा अगियारमे दिवसे ज यथाविधि सकल पिंडदान करवुं. ॥७९॥

९२८

ए प्रकारे सर्व कर्मो अगियारमे दिवसे करीने बारमे दिवसे सपिंडी करवी, अने सूतक गया पछी शय्यादान तथा पददान (वासणोनुं दान) करवुं ॥८०॥

इति श्री गरुडपुराणे सारोद्धारे एकादशीविधिनिरूपणो नाम द्वादशमोऽध्यायः ॥११॥

॥ अथ त्रयोदशमोऽध्यायः ॥

गरुड भगवानने प्रश्न पूछे छे के, हे भगवान् ! आप मने सपिंडीनो विधि तथा सूतकनो निर्णय कथन करो, तथा शय्यादान अने पददाननो पण विधि तथा महिमा मने कथन करो ॥१॥ भगवान कहे छेः हे गरुड ! तमने सपिंडी विगेरे सकल क्रियाओनुं कथन करुं छुं, के जे क्रिया करे तो, प्रेत एवा नामनो त्याग थइने, ए जीव पितृगणमां प्रवेशित थाय छे ॥२॥ ज्यांसुधी वसु

एवमेकादशे कृत्वा कुर्यात्सपिडनं ततः ॥ शय्यापदानां दानं च कारयेत्सूतके गते ॥८०॥

इति श्रीगरुडपुराणे सारोद्धारे एकादशदिनविधिनिरूपणो द्वादशमोऽध्यायः ॥१२॥

॥ अथ त्रयोदशमोऽध्यायः ॥

गरुड उवाचः—

सपिंडनविधिं ब्रूहि सूतकस्य च निर्णयम् ॥ शय्यापदानां सामग्रीं तेषां च महिमा प्रभो ! ॥१॥

श्रीभगवानुवाचः—

श्रृणु तार्क्ष्य ! प्रवक्ष्यामि सपिंडयाद्यखिलां क्रियाम् ॥ प्रेतनाम परित्यज्य यया पितृगणे विशेत् ॥२॥
न पिंडो मिलितो येषां पितामहशिवादिषु ॥ नोपतिष्ठंति दानानि पुत्रैर्दत्तान्यनेकधा ॥३॥
अशुद्धः स्यात्सदा पुत्रो न शुध्यति कदाचन ॥ सूतकं न निवर्तेत सपिंडीकरणं विना ॥४॥
तस्मात्पुत्रेण कर्तव्यं सूतकांते सपिंडनम् ॥ सूतकांतं प्रवक्ष्यामि सर्वेषां च यथोचितम् ॥५॥

रुद्रादि रूप पितामहादिमां पिंड प्रवेशित थाय नहीं, त्यांसुधी पुत्रादिके अनेकविध दान आप्यां होय, तो पण तेने प्राप्त थतां नथी ॥३॥ ज्यांसुधी सपिंडी थइ न होय त्यांसुधी पुत्रने कोइ पण कर्म करवाने शुद्धत्व प्राप्त थतुं नथी कारण के, ए कर्म कर्यां बिना सूतक निवृत्त थतुं नथी, ॥४॥ माटे पुत्रे सूतकनी पछी सपिंडकर्म करवुं. हे गरुड ! तमने यथायोग्य सूतकनो विधि कथन करुं छुं. ॥५॥

ब्राह्मण दशाहा पछी शुद्ध थाय छे, क्षत्रिय मरे ते दिवसथी बारमे दिवसे शुद्ध थाय छे. वैश्य मरे ते दिवसथी पंदर दिवसे शुद्ध थाय छे, अने शूद्र महिना पछी शुद्ध थाय छे. ॥६॥ प्रेतसूतक प्राप्त थयुं होय, तो चार पेढी सुधीना पितराइ दश दिवसे शुद्ध थाय छे, संकुल्य (सात पेढी सुधीनी सगाईमां) त्रण रात्रि पछी शुद्ध थाय छे, अने दूरनो गोत्री मात्र स्नान करवाथी ज शुद्ध थाय छे. ॥७॥ ए दशाशौच चोथी पेढी सुधी दश रात्रि जाणवुं, पांचमी पेढी सुधी छ रात्रि जाणवुं, पछी छट्ठी पेढी सुधी चार रात्रि जाणवुं अने सातमी पेढी सुधी त्रण दिवस जाणवुं. ॥८॥ आठ पेढी सुधी एक दिवस सूतक जाणवुं, नवमी

ब्राह्मणस्तु दशाहेन क्षत्रियो द्वादशेऽहनि ॥ वैश्यः पंचदशाहेन शूद्रो मासेन शुध्यति ॥६॥
दशाहेन सपिंडास्तु शुध्यंति प्रेतसूतके ॥ त्रिरात्रेण सकुल्यास्तु स्नात्वा शुध्यंति गोत्रजाः ॥७॥
चतुर्थे दशरात्रं स्यात्षण्निशाः पुंसि पंचमे ॥ षष्ठे चतुरहः प्रोक्तं सप्तमे च दिनत्रयम् ॥८॥
अष्टमे दिनमेकं तु नवमे प्रहरद्वयम् ॥ दशमे स्नानमात्रं हि मृतकं जन्मसूतकम् ॥९॥
देशांतरगतः कश्चिच्छृणुयाद्यो ह्यहर्निशम् ॥ यच्छेषं दशरात्रस्य तावदेवाशुचिर्भवेत् ॥१०॥
अतिक्रांते दशाहे तु त्रिरात्रमशुचिर्भवेत् ॥ संवत्सरे व्यतीते तु स्नानमात्राद्विशुध्यति ॥११॥
आद्यभागद्वयं यावनमृतकस्य च सूतके ॥ द्वितीये पतिते चाद्यात्सूतकाच्छुद्धिरिष्यते ॥१२॥

पेढी सुधी बे पहोर जाणवुं अने दशमी पेढीना संबंधमां मुआ बाबत तथा जन्म थया बाबत मात्र स्नानथी ज शुद्धि जाणवी. ॥९॥ कोइ माणस देशांतरे गयुं होय, तेम छतां मृतशौच सांभळवामां आवे, तो दश दिवसमां जेटला दिवस सांभळवामां आवे, तेटलां जतां करी, बाकीना दिवस सूतक राखवुं. ॥१०॥ देशांतरमां मरवाथी दश दिवस थइ गया होय, तो एक वर्षनी अंदर त्रण रात्रि सूतक राखवुं अने वर्ष थइ गयुं होय, तो मात्र स्नान करवाथी ज गोत्री जननुं सूतक जाय छे, ॥११॥ पहेला सूतकना छ दिवस गया पछी बीजुं सूतक लागे, तो पहेला सूतकना दश दिवस सूतक काढवाथी बेउ सूतको जाय छे. ॥१२॥

दांत उग्या अगाउनुं बालक मरे, तो स्नान करवाथी तत्काल सूतक जाय छे. दांत उग्या पछी अने चौलकर्म थया अगाउ मरे, तो एक रात्रि गया पछी सूतक जाय छे; अने चौलकर्म थया पछीथी जनोइ दीधा सुधीमां मरे तो, त्रण रात्रि सूतक जाणवुं. ते उपरांतनी वय होय तो, दश रात्रि जाणवुं. ॥१३॥ जन्म्या पछी सत्तावीश महिनानी थतां अगाउ पुत्री मरी जाय तो, तेनुं सूतक फक्त स्नान करवाथी ज जाय छे. आ शास्त्रार्थ सर्व वर्णोने समान जाणवो. ॥१४॥ सत्तावीश महिना उपरांतथी ते वाग्दान (सगाइ) थाय त्यांसुधीनी वयमां बालकी मरे तो, सूतक एक दिवस जाणवुं अने ते उपरांत मरे तो त्रण रात्रि जाणवुं. ॥१५॥ कदापि सगाइ थया पछी कन्या मरण पामे तो बेउ कुलना जनोने त्रण रात्रि सूतक जाणवुं, विवाह थया पछी

आदंतजननात्सद्य आचौलान्नैशिकी स्मृता ॥ त्रिरात्रमाव्रतादेशाद्दशरात्रमतः परम् ॥१३॥
आजन्मनस्तु चौलांतं यत्र कन्या विपद्यते ॥ सद्यःशौचं भवेत्तत्र सर्ववर्णेषु नित्यशः ॥१४॥
ततो वाग्दानपर्यंतं यावदेकाहमेव हि ॥ अतःपरं प्रवृद्धानां त्रिरात्रमिति निश्चयः ॥१५॥
वाग्प्रदाने कृते त्वत्र ज्ञेयं चोभयतस्त्र्यहम् ॥ पितुर्वरस्य च ततो दत्तानां भर्तुरेव हि ॥१६॥
षण्मासाभ्यंतरे यावद्गर्भस्रावो भवेद्यदि ॥ तदा माससमैस्तासां दिवसैः शुद्धिरिष्यते ॥१७॥
अत ऊर्ध्वं स्वजात्युक्तमाशौचं तासु विद्यते ॥ सद्यःशौचं सपिंडानां गर्भस्य पतने सति ॥१८॥

तेणीनां सासरियांने दस दिवस सूतक जाणवुं ॥१६॥ छ महिनानी अंदर गर्भनो स्राव (झरी जवुं) थाय तो तेनुं सूतक ए स्राव थती होय, ते स्त्रीने जेटले महिने थाय, तेटला दिवस जाणवुं (एक महिने स्राव थाय तो, एक दिवस ए बाइए पाळवुं, अने गर्भ धारण कर्या पछी बे महिने स्राव थइ जाय तो, बे दिवस सूतक पाळवुं) ॥१७॥ छ महिनानी अंदर गर्भ पडे तो, जे जे जातिने माटे जे अशौच पाळवानुं धर्माचार्योए कहेलुं छे, ते प्रमाणे जाणवुं, परन्तु सर्व पितराइओने गर्भपातनुं अशौच लागतुं नथी. ॥१८॥

चारे वर्णनां जन्माशौच किंवा मृतकाशौच प्राप्त थाय तथापि दश दिवस अशौच-(सूतक) नी शुद्धि जाणवी, आ शास्त्रार्थ कलियुगने माटे निर्माण जाणवो. ॥१९॥ मृताशौच प्राप्त थाय एटले आशीर्वाद, देवपूजा, प्रत्युत्थान (नवीन उद्योग) अभिवंदन पलंग अथवा खाटलापर सुवुं तथा बीजाने स्पर्श वगेरे करवां नहीं. ॥२०॥ तेमज संध्या, दान, जप, होम, वेदाध्ययन, ब्रह्मयज्ञ, पितृतर्पण, ब्राह्मणभोजन तथा व्रत वगेरे पण तजवां. ॥२१॥ अशौच (सूतक) प्राप्त थया छतां, जे पुरुष नित्य नैमित्तिक तथा काम्य कर्मोनुं आचरण करे, तेनां भविष्यकालनां सकल नित्यकर्मादि नाश पामे, ॥२२॥ ब्रह्मचारी, महा मंत्रनो सदा जप

सर्वेषामेव वर्णानां सूतके मृतकेऽपि वा ॥ दशाहाच्छुद्धिरित्येष कलौ शास्त्रस्य निश्चयः ॥१९॥
आशीर्वादं देवपूजां प्रत्युत्थानाभिवंदनम् ॥ पर्यंके शयनं स्पर्शं न कुर्यान्मृतसूतके ॥२०॥
संध्या दानं जपं होमं स्वाध्यायं पितृतर्पणम् ॥ ब्रह्मभोज्यं व्रतं नैव कर्तव्यं मृतसूतके ॥२१॥
नित्यं नैमित्तिकं काम्यं सूतके यः समाचरेत् ॥ तस्य पूर्वकृतं नित्यादिकं कर्म विनश्यति ॥२२॥
व्रतिनो मंत्रपूतस्य साग्निकस्य द्विजस्य च ॥ ब्रह्मनिष्ठस्य यतिनो नहि राज्ञां च सूतकम् ॥२३॥
विवाहोत्सवयज्ञेषु जाते च मृतसूतके ॥ तस्य पूर्वकृतं चान्नं भोज्यं वन्मनुरब्रवीत् ॥२४॥
सूतके यस्तु गृह्णाति तदज्ञानान्न दोषभाक् ॥ दाता दोषमवाप्नोति याचकाय ददन्नपि ॥२५॥

करनार, अग्निहोत्री, ब्रह्मनिष्ठ, यति अने जेने राज्यभिषेक थयो होय ते राजा, एओने सूतक लागतुं नथी. ॥२३॥ विवाह उत्सव अने यज्ञ आरंभ्या छतां वचमां जननाशौच (वृद्ध सुंवाळुं) अथवा मृताशौच ( मरण सूतक ) प्राप्त थाय तो सूतक जाणवा एगाउ रांधेलुं अन्न खावानी अडचण नथी. एवा मनु (कलियुगनी स्मृतिना करनार) नो मत छे. ॥२४॥ बेउ जातिनां सूतक प्राप्त थाय तेम छतां जे कोइ याचक अज्ञाणपणे अन्न जमे, अथवा लइ जाय, ते दोषवान थता नथी, परन्तु सूतकी छतां आपे तो, आपनारो दोषवान थाय छे. ॥२५॥

सूतक प्राप्त थयां छतां ते वातने छुपावीने जे मनुष्य ब्राह्मणने अन्न आपे छे ते दोषवान् थाय छे. सूतकवाळाने घेर सूतक छे एम जाण्या छतां, जे ब्राह्मण सूतकनुं अन्न जमे, ते पण दोषवान् थाय छे. ॥२६॥ तो सूतकनी निवृत्ति अर्थे पुत्रे पिताना सकळ पितृगण सहवर्तमाननुं सपिंडी श्राद्ध करवुं. जे पुत्र पितानुं सपिंडीकरण करशे, ते परिणामे पितृलोकमां मळशे. ॥२७॥ आ कर्म बारमे दिवसे, पिस्ताळीसमे दिवसे, छट्ठा महिनानी अंते अथवा वर्षना अंते करवुं, आ रीतना सकळ नियम कालतत्त्वदर्शी ऋषिओए कथन कर्यां छे. ॥२८॥ हे गरुड ! शास्त्र तथा धर्मना अनुरोधथी हुं कहुं छुं के,

प्रच्छाद्य सूतकं यस्तु ददात्यन्नं द्विजाय च ॥ ज्ञात्वा गृह्णंति ये विप्रा दोषभाजस्त एव हि ॥२६॥
तस्मात्सूतकशुद्ध्यर्थं पितुः कुर्यात्सपिंडनम् ॥ ततः पितृगणैः सार्धं पितृलोकं सगच्छति ॥२७॥
द्वादशाहे त्रिपक्षे वा षण्मासे वत्सरेऽपि वा ॥ सपिंडीकरणं प्रोक्तं मुनिभिस्तत्त्वदर्शिभिः ॥२८॥
मया तु प्रोच्यते तार्क्ष्य ! शास्त्रधर्मानुसारतः ॥ चतुर्णामेव वर्णानां द्वादशाहे सपिंडनम् ॥२९॥
आनंत्यात्कलिधर्माणां पुसां चैवायुषः क्षयात् ॥ अस्थिरत्वाच्छरीरस्य द्वादशाहे प्रशस्यते ॥३०॥
व्रतबंधोत्सवादानि व्रतस्योद्यापनानि च ॥ विवाहादि भवेन्नैव मृते च गृहमेधिनि ॥३१॥
भिक्षुर्भिक्षां न गृह्णाति हंतकारो गृह्यते ॥ नित्यं नैमित्तिकं लुप्येद्यावर्पिंडं न मेलितम् ॥३२॥

सपिंडीकरण चारे वर्णे बारमे दिवसे करवुं ॥२९॥ कारण के कलियुगना धर्म अनित्य (नाशवान) छे, तेम छतां मनुष्यनुं आयुष्य अल्प अने शरीर अस्थिर छे, माटे ए कर्म बारमे दिवसे करवुं उचित्त छे ॥३०॥ गृहस्थाश्रमी मरण पामे, तेम छतां सपिंडीकरण कर्युं न होय, तो व्रतबंध यज्ञादि कर्म उद्यापन तथा विवाहादि पण थाय नहीं ॥३१॥ ज्यांसुधी सपिंडीकरण थयुं न होय, त्यांसुधी नित्य नैमित्तिक कर्मनो लोप होवाथी संन्यासी भिक्षान्न तथा हंत ए बे शब्दनो उच्चार करता नथी ॥३२॥



१३४

कर्मनो लोप करवाथी ते पुरुष प्रायश्चित्ती थाय छे तो, कर्माधिकाराथ सपिंडीकरण करवुं. आ कर्म अग्निहोत्री तथा ते सिवायनाए बारसे दिवसे करवुं. ।।३३।। सकल तीर्थोमां स्नान तथा सकल प्रकारना यज्ञ करवाथी जे फलनी प्राप्ति थाय छे, ते फळ बारमे दिवसे सपिंडीं करवाथी प्राप्त थाय छे. ।।३४।। माटे बारमे दिवसे स्नान करीने, मृतस्थाने गायना छाणथी लींपीने, ते ठेकाणे पुत्रे शास्त्रोक्त विधिथी सपिंडी श्राद्ध करवुं. ।।३५।। ते एवी रीते के, अर्ध्य, पाद्य तथा आचमनीय वगेरे उपचार समर्पण करीने, विश्वदेवनुं यथोक्त रीतिथी पूजन करवुं. पछी विकिरनो पिंड मूकीने, हाथपग धोवा ।।३६।। पछी

कर्मलोपात्प्रत्यवायी भवेत्तस्मात्सपिंडनम् ।। निरग्निकः साग्निको वा द्वादशाहे समाचरेत् ।।३३।।
यत्फलं सर्वतिर्थेषु सर्वयज्ञेषु यत्फलम् ।। तत्फलं समवाप्नोति द्वादशाहे सपिंडनात् ।।३४।।
अतः स्नात्वा मृतस्थाने गोमयेनोपलेपिते ।। शास्त्रोक्तेन विधानेन सपिंडी कारयेत्सुतः ।।३५।।
पाद्यार्घ्याचमनीयाद्यैर्विश्वेदेवांश्च पूजयेत् ।। कौ पित्रे विकिरं दत्वा पुनरपि उपस्पृशेत् ।।३६।।
दद्यात्पितामहादीनां त्रीन् पिण्डांश्च यथाक्रमम् ।। वसुरुद्रार्करूपाणां चतुर्थं मृतकस्य च ।।३७।।
चंदनैस्तुलसीपत्रैर्धूपैर्दीपैः सुभोजनैः ।। मुखवासैः सुवस्त्रैश्च दक्षिणाभिश्च पूजयेत् ।।३८।।
प्रेतपिंडं त्रिधा कृत्वा सुवर्णस्य शलाकया ।। पितामहादिपिंडेषु मेलयेत्तं पृथक् पृथक् ।।३९।।

वसु, रुद्र तथां अर्क (सूर्य) रूप धारण करनारा पितामहादिकना अनुक्रमे त्रणपिंड आपीने चोथो पिंड मरनारना नामनो आपवो, ।।३७।। पछी ए पिंडोनुं चंदन तुलसी, धूप, दीप, तांबुल, वस्त्र तथा दक्षिणा वगेरे उपचारो वडे पूजन करवुं. ।।३८।। पछी जे पिंड मूक्यो होय, तेना सोनाना वाळावती त्रण भाग करवा. ए त्रण भागमांहेनो एक भाग पितामहादिना पिंडमां मेळववो. ।।३०।।

पितामहीनी साथे मातानो पिंड मेळववो, अने पितामहनी साथे पितानो पिंड मेळववो. हे गरुड ! ए रीते सपिंडीकरण करवुं एवो मारो मत छे. ॥४०॥ जेनो पिता मुआ छतां वडीवो जीवतो होय, तेणे प्रपितामहनी पेठे त्रण पिंड आपवा. ॥४१॥ बापनी मा जीवती छतां कदापि मातुश्री मरण पामी होय तो, मातृश्राद्ध पण पितृश्राद्धना जेवुं करवुं (बापनी माना श्राद्धनी पेठे त्रण पिंड करवा). ॥४२॥ अथवा मातुश्रीनुं पिंडमेलन महालक्ष्मीमां करवुं अने पितानुं पिंडमेलन मारे विषे करवुं. (एवुं, पिंडमेलन वडीवो तेनी बापनी मा जीवतां होय तो जाणवुं ) ॥४३॥ अपुत्र स्त्रीनुं सपिंडीकरण तेणीना पतिए तेणीनी सासुनी

पितामह्या समं मातुः पितामहसमं पितुः ॥ सपिंडीकरणं कुर्यादिति तार्क्ष्य ! मतं मम ॥४०॥
मृते पितरि यस्याथ विद्यते च पितामहः ॥ तेन देयास्त्रयः पिंडाः प्रपितामहपूर्वकाः ॥४१॥
तेभ्यश्च पैतृकं पिंडं मेलयेत्तं त्रिधा कृतम् ॥ मातार्यग्रे प्रशांतायां विद्यते च पितामही ॥४२॥
तदा मातृकश्राद्धेऽपि कुर्यात्पैतृकवद्विधिः यद्वा मयि महालक्ष्म्यां तयोः पिंडं च मेलयेत् ॥४३॥
अपुत्रायाः स्त्रियाः कुर्यात्पतिः सपिंडनादिकम् ॥ श्वश्र्वादिभिः सहैवास्याः सपिंडीकरणं भवेत् ॥४४॥
भर्त्रादिभिस्त्रिभिः कार्यं सपिंडीकरणं स्त्रियाः ॥ नैतन्मम मतं तार्क्ष्य ! पत्या सापिंड्यमर्हति ॥४५॥
एकां चितां समारूढौ दंपती यदि काश्यप ! तृणमंतरतः कृत्वा श्वशुरादेस्तदाचरेत् ॥४६॥
एव एव सुतः कुर्यादादौ पिंडादिकं पितुः ॥ तदूर्ध्वं च सकुर्वीत सत्याः स्नानं पुनश्चरेत् ॥४७॥

साथे मेळवीने करवुं. ॥४४॥ अथवा एवी अपुत्र स्त्रीनुं सपिंडन भर्ता ( स्वामी ) वगेरे त्रणनी साथे मेळवीने करवुं, ए मने मान्य नथी. ॥४५॥ पति तथा पत्नी एक ज चितामां बळयां होय तो ए स्त्रीना ससरा वगेरेमां व्यवधायक (मध्यारोपित करेलुं घास) मूकीने, एक ज पुत्रे मातापितानुं सपिंडकरण करवुं. ॥४६॥ पुत्रे प्रथम पितानुं सपिंडकरण करीने, फरी स्नान कर्या पछी मातुश्रीनुं सपिंडकरण करवुं. ॥४७॥



१३५

कोइ स्त्री पति मुआ पछी दश दिवसनी मांहे अग्निमां प्रवेश करे, तो तेणीनुं शय्यादान तथा सपिंडीकरण पतिनी साथे एक ज दिवस करवुं. ॥४८॥ भगवान् फरीथी कहे छे, हे गरुड ! सपिंडीकरण थया पछी पितरोनुं तर्पण करवुं तेथी वेदना मंत्र सहित स्वधा शब्दनो उच्चार करवो. ॥४९॥ पछी हंत शब्दनो उच्चार करीने, अतिथिने भोजन कराववुं, अतिथिने भोजन करावे तो, तेथी पितर, ऋषि, देव तथा दानवो तृप्त थाय छे. ॥५०॥ एक ग्रास (कोलियो) अन्नदान करे तो, ते भिक्षा ठरे छे, चार ग्रास अन्ननुं दान करे तो, ते पुष्कल ठरे छे, अने चारे पुष्कलां (माप) अन्ननुं दान करे तो, ते हंतकार ठरे छे, अथवा

हुताशं या समारूढा दशाहाभ्यंतरे सती ॥ तस्या भर्तृर्दिने कार्यं शय्यादानं सपिंडनम् ॥४८॥
कृत्वा सपिंडनं तार्क्ष्य ! प्रकुर्यात्पितृतर्पणम् ॥ उदाहरेत्स्वधाकारं वेदमंत्रैः समन्वितम् ॥४९॥
अतिथिं भोजयेत्पश्चाद्धंतकारं च सर्वदा ॥ तेन तृप्यंति पितरो मुनया देवदानवाः ॥५०॥
ग्रासमात्रा भवेद्भिक्षा चतुर्ग्रासं तु पुष्कलम् ॥ पुष्कलानि च चत्वारि हंतकारो विधीयते ॥५१॥
सपिंड्यां विप्रचरणौ पूजयेच्चंदनाक्षतैः दानं तस्मै प्रदातव्यमक्षय्यतृप्तिहेतवे ॥५२॥
वर्षवृत्तिं घृतं चान्नं सुवर्णं रजतं सुगाम् ॥ अश्वं गजं रथं भूमिमाचार्याय प्रदापयेत् ॥५३॥
ततश्च पूजयेन्मंत्रैः स्वस्तिवाचनपूर्वकम् ॥ कुंकुमाक्षतनैवेद्यैर्ग्रहान्देवीं विनायकम् ॥५४॥

थाय छे. ॥५१॥ सपिंडी श्राद्धमां ब्राह्मणना चरण चंदन तथा अक्षत वडे पूजवा, अने तेमनी हंमेशां तृप्ति रहेवा सारु दान आपवुं ॥५२॥ ते एवी रीतनुं के ब्राह्मणनो एक वर्ष सुधी निर्वाह थाय एटलुं अन्नदान आपवुं तथा सोनुं, रूपुं, उत्तम गाय, अश्व, रथ, गज अने भूमि वगेरे सर्व प्रकारनां उत्तम दान शक्त्यानुसारे ब्राह्मणने आपवां. ॥५३॥ पछी सकल ग्रह, देवी तथा विनायकनुं पुण्याहवाचन वेदमंत्र सहित कुंकुम, अक्षत तथा नैवेद्यादि उपचारो वडे पूजन करवुं. ॥५४॥

पछी उपाध्याए यजमानने अभिषेक करीने, तेना हाथे समंत्रक रक्षासुत्र बांधीने, तेने मंत्रेला अक्षत आपवा ॥५५॥ पछी अति उत्तम पकवानोनुं ब्राह्मणने भोजन कराववुं, पछी तेओने दक्षिणा, अन्न तथा जलथी तैयार करेला बार कुंभ आपवा. ॥५६॥ ब्राह्मणोनुं भोजन थया पछी ब्राह्मणादि चारे वर्ण जल, आयुध, चाबुक तथा दंडने अनुक्रमे स्पर्श करवा, ए रीतनां सकल कर्म करनारो माणस शुद्ध थाय छे. ॥५७॥ ए रीते सपिंडकर्म कर्या पछी ए पहेरेला वस्त्रनो त्याग करवो, पछी धोळां

आचार्यस्तु ततः कुर्यादभिषेकं समंत्रकम् ॥ बध्वा सूत्रं करं दद्यान्मंत्रपूतांस्तथाक्षतान् ॥५५॥
ततश्च भोजयेद्विप्रान्मिष्टान्नैर्बिविधैः शुभैः दद्यात्सदक्षिणांस्तेभ्यः सजलान्नान् द्विषड्घटान् ॥५६॥
वार्यायुधप्रतोदस्तु दंडस्तु द्विजभोजनात् ॥ स्प्रष्टव्या नंतरं वर्णैः शुद्धयरस्तत ततः क्रमात् ॥५७॥
एवं सपिंडनं कृत्वा क्रियावस्त्राणि संत्यजेत् ॥ शुक्लांबरधरो भूत्वा शय्यादानं प्रदापयेत् ॥५८॥
शय्यादानं प्रशंसंति सर्वे देवाः सवासवाः ॥ तस्माच्छय्या प्रदातव्या मरणे जीवितेऽपि वा ॥५९॥
सारदारुमयीं रम्यां सुचित्रैश्चित्रितां दृढाम् ॥ पट्टसूत्रैर्वितनितां हेमपत्रैरलंकृताम् ॥६०॥
हंसतूलीप्रतिच्छन्नां शुभशीर्षोपधानिकाम् ॥ प्रच्छादनपटीयुक्तां पुष्पगंधैः सुवासिताम् ॥६१॥

वस्त्र परिधान करीने शय्यादान करवुं. ॥५८॥ ए शय्यादान आपवाथी इंद्रादि सकल देवो वखाण करे छे; माटे स्वहस्ते किंवा मुआ पाछळ पुत्रादिके ए दान अवश्य करवुं. ॥५९॥ ए शय्या एवी के, मजबुत लाकडानो दृढ पलंग कराववी, ते पर सुथार पासे अनेक चित्रो कढाववां, ते पर सुत्रनी पाटी भरावीने तथा सुवर्णनां पत्रां मढावीने शुशोभित करवो, ॥६०॥ हंस समान उजळुं तथा स्वच्छ गदेलुं बिछावीने, ते शय्यानी सुगंधित पुष्प तथा गंधाक्षतथी पूजा करवी. ॥६१॥



१३५

ए शय्या विस्तीर्ण छतां, सुखप्रद होवी जोइए, ए रीते शय्या तैयार करीने पाथरी मूकवी. ॥६२॥ पछी ए शय्यानी पासे छत्र, दीप, रूपानुं आसन, चामर, पात्र, शंगारने लगता पदार्थो तथा तांबूलादि मुखवासने लगतो वगेरे सर्वे पदार्थो मूकवा. ॥६३॥ ए रीतना पदार्थोने ए शय्या पर पोतपोताने ठेकाणे अनुक्रमे मूकवा ॥६४॥ पछी ए शय्यापर सुवर्णनी लक्ष्मी नारायणनी प्रतिमाओ मूकवी. तेमना हाथमां सकल आयुधो छतां सकळ अलंकारोथी शृंगारेली होवी जोइए. ॥६५॥ पछी सुवासिनी स्त्रीओ हळदर, कुंकुम तथा काजळथी शोभायमान छतां, हाथेपगे (मेंदी) लगाडयां होय तेणीओने ए शय्यापर

दिव्यबंधैः सुबद्धां च शुविशालां सुखप्रदाम् ॥ शय्यामेवविधां कृत्वा ह्यास्तृतायां न्यसेद्भुवि ॥६२॥
छत्रं दीपालयं रौप्यं चामरासनभाजनम् ॥ शृंगारकरकादर्शं पंचवर्णवितानकम् ॥६३॥
शयनस्य भवेत्किंचिद्यच्चान्यदुपकारकम् ॥ तत्सर्वं परितस्तस्याः स्वे स्वे स्थाने नियोजयेत् ॥६४॥
तस्यां संस्थापयेद्धैमं हरिं लक्ष्मीसमन्वितम् ॥ सर्वाभरणसंयुक्तमायुधांबरसंयुतम् ॥६५॥
स्त्रीणां च शयने धृत्वा कज्जलालक्तकुंकुमम् ॥ वस्त्रं भूषादिकं यच्च सर्वमेव प्रदापयेत् ॥६६॥
ततो विप्रं सपत्नीकं गंधपुष्पैरलंकृतम् ॥ कर्णांगुलीयाभरणैः कंठसूत्रैश्च कांचनैः ॥६७॥
उष्णीषमुत्तरीयं च चोलकं परिधाय च ॥ स्थापत्येत्सुखशय्यायां लक्ष्मीनारायणाग्रतः ॥६८॥
कुंकुमैः पुष्पमालाभिर्हरिं लक्ष्मीं समर्चयेत् ॥ पूजयेल्लोकपालांश्च ग्रहान्देवीं विनायकम् ॥६९॥

बेसाडीने तेणीओने वस्त्रालंकार वगेरे आपवां ॥६६॥ सपत्निक ब्राह्मणनुं गंधाक्षत तथा पुष्पोवडे पूजन करवुं, अने तेने सोनानां कुंडल वींटी तथा कंठी वगेरे समर्पण करवां. ॥६७॥ अने तेमने अंगरखुं, धोतीजोटो तथा पाघडी आपी, लक्ष्मीनारायणनी प्रतिमा आगळ बेसाडवां ॥६८॥ पछी कुंकुम तथा पुष्पमाला समर्पण करीने, लक्ष्मीनारायण, नवग्रह, देवी, विनायकनुं पूजन करवुं. ॥६९॥

१३८

पछी उत्तर तरफ मुख करीने, हाथमां पुष्पांजलि लइने, ब्राह्मणनी आगळ हवे कहेवामां आवशे ते मंत्र कहेवो. ॥७०॥ तेनो अर्थ हे भगवान् ! जेवी आपनी शय्या क्षीरसमुद्रमां छे, तेवी आ शय्या मारा जन्मोजन्ममां अशून्य हजो, एटले जेम आप आपनी शय्यापर निरंतर निद्रा करो लो, तेम मने तथा मारा पितरोने निरंतर निद्रा करवाने प्राप्त थजो. ॥७१॥ एम कहीने हाथमांनी पुष्पांजलि प्रतिमा तथा बाह्मण पर नाखवी, पछी ए सोपस्कर शय्या संकलपपूर्वक ॥७२॥ विद्वान ब्राह्मणने अर्पण

उत्तराभिमुखो भूत्वा गृहीत्वा कुसुमांजलिम् ॥ उच्चारयेदिमं मंत्रं विप्रस्य पुरतः स्थितः ॥७०॥
यथा कृष्ण ! त्वदीयास्ति शय्या क्षीरोदसागरे ॥ तथा भूयादशून्येयं मम जन्मनि जन्मनि ॥७१॥
एवं पुष्पांजलिं विप्रे नतिमायां हरेः क्षिपेत् ॥ ततः सौपस्करं शय्यादानं संकल्पपूर्वकम् ॥७२॥
दद्याद्व्रतोपदेष्ट्रे च गुरवे ब्रह्मवादिने ॥ गृहाण ब्राह्मणेनां त्वं को ददाति कीर्तयन् ॥७३॥
आंदोलयेद्द्विजं लक्ष्मीं हरिं च शयने स्थितम् ॥ ततः प्रदक्षिणीकृत्य प्रणिपत्य विसर्जयेत् ॥७४॥
सर्वोपस्करणैर्युक्तं प्रदद्यादतिसुंदरम् ॥ शय्यायां सुखसुप्त्यर्थं गृहं च विभवे सति ॥७५॥
जीवमानः स्वहस्तेन यदि ददाति यः ॥ तज्जीवता वृषोत्सर्गं पर्वणीषु समाचरेत् ॥७६॥

करवी अने तेमनी प्रार्थना करवी, ते एम के, आ शय्या आप ल्यो, दाताए दान कर्यानुं अभिमान धारण करवुं नहीं. ॥७३॥ ए शय्या पर वीराजेलां लक्ष्मीनारायणने तथा दान लेनारा ब्राह्मणने विसर्जन करवां ॥७४॥ ए शय्यादान करनार कदापि ऐश्वर्यवान होय तो ए शय्या बिछावो सुवा सारु सामग्री सहितनुं एक घर पण दानमां आपवुं, ॥७५। अने जीवतां छतां कदापि निज हस्ते शय्यादान करे तो तेज रीते पर्वकाले वृषोत्सर्ग पण करवो. ॥७६॥

ए शय्या पाछळ घणा द्रव्यनुं साहित्य होय, तो ते द्रव्यना विभाग करीने, घणा ब्राह्मणने वहेंची आपवुं नहीं, ए शय्यादान लइने जे पुरुष वेचे, तेने आपवी नहि, कदापि कोइ पुरुष एवा वेची खानारा ब्राह्मणने दानमां शय्यादान आपे तो आपनारो नरके जाय छे ।।७७।। माटे सत्पात्र जोइने शय्यादान आपवुं. ए रीतनो नियम पाळीने दान करे तो, दान आपनारने वांछित फल प्राप्त थाय छे, तथा आपनारना पिताने तथा आपनारने उभय लोकमां सुखनी प्राप्ति थाय छे. ।।७८।। ए दान नरनार पुरुषने इंद्रादिक गमे ते लोकने विषे निवास होय त्यां पहोंचे छे एमां संदेह नथी, ।।७९।। शय्यादानना प्रभावथी मरनार उत्तम

इयमेकस्य दातव्या बहूनां न कदाचन ॥ सा विभक्ता च विक्रीता दातारं पातयत्यधः ।।७७।।
पात्रे प्रदाय शयनं वांछितं फलमाप्नुयात् ॥ पिता च दाता तनयः परत्रेव च मोदते ।।७८।।
पुरंदरगृहे दिव्ये सूर्यपुत्रालयेऽपि च ॥उपतिष्ठेन्न संदेहः शय्यादानप्रभावतः ।।७९।।
विमानवरमारूढः सेव्यमानोऽप्सरोगणैः ॥ अभूतसंप्लवं यावत्तिष्ठत्यातंकवर्जितः ।।८०।।
सर्वतीर्थेषु यत्पुण्य सर्वपर्वदानेषु च ॥ तेभ्यश्चाप्यधिकः पुण्यं शय्यादानोद्भवं भवेत् ।।८१।।
एवं दत्त्वा सुतः शय्यां पददानं प्रदापयेत् ॥ तच्छृणुष्व मयाख्यातं यथावत्कथयामि ते ।।८२।।

विमानमां आरूढ थवा छतां तेनुं अति प्रेमभावथी अप्सराओनो समुदाय सेवन करे छे, ए रीते शय्यांनुं दान करवाथी ए दाननुं फळ भोगवनार जेने सर्व भयथकी मुक्त थइ, प्रलयकाल सुधी स्वर्गादि लोकमां निवास करे छे. ।।८०।। सकल पर्वने दिवसे सकल तीर्थोए स्नान करवाथी जे फळ प्राप्त थाय छे, ते करता पण अधिक फळ शय्यानुं दान आपवाथी प्राप्त थाय छे, ।।८१।। ए प्रकारे पुत्रे शय्यादान करीने, पददान करवुं, हे गरुड ! ए पददाननी विधि तमने कहुं छुं, ते सांभळो. ।।८२।।

पददान पांच प्रकारनां छे, ते एवां के छत्री, जोडा, वस्त्र, वींटी, कमंडल तथा आसन. ॥८३॥ ए पददानमां दंड तथा ताम्रपात्र होवुं जोइए, अने प्रत्येक पर एक एक पात्रमां सीधुं छतां, ते यज्ञोपवीतथी युक्त होवुं जोइए, ए रीतनुं पददान करे, तो ते थकी संपूर्ण फलनी प्राप्ति थाय छे. ॥८४॥ ए रीतनां एकंदर तेर पददान, बारमे दिवसे ऐश्वर्यानुसार (गजाना प्रमाणमां) तेर ब्राह्मणने आपवां, ॥८५॥ ए रीते पददान आपे, तो उत्तम गतिने पामे छे, जेने यममार्गे जवानुं होय छे, तेने ए पददान थकी अति सुख प्राप्त थाय छे. ॥८६॥ यममार्गे जतां बहु ज ताप छे तेना निवारणने अर्थे छत्रीनुं दान करे. तो तेथी

छत्रोपानहवस्त्राणि मुद्रिका च कमंडलुः ॥ आसनं पंचपत्राणि पदं पंचविधं स्मृतम् ॥८३॥
दंडेन ताम्रपात्रेण ह्यामान्नैर्भजनैरपि ॥ अर्थयज्ञोपवीतैश्च पदं संपूर्णतां व्रजेत् ॥८४॥
त्रयोदशपदानीत्थं यथाशक्त्या विधाय च ॥ त्रयोदशभ्यो विप्रेभ्यः प्रदद्याद्द्वादशेऽहनि ॥८५॥
अनेन पददानेन धार्मिका यांति सद्गतिम् ॥ यममार्गगतानां च पददानं सुखप्रदम् ॥८६॥
आतपस्तत्र वै रौद्रो दह्यते येन मानवः ॥ छत्रदानेन सुच्छाया जायते तस्य मूर्धनि ॥८७॥
अतिसंकटसंकीर्णे यमलोकस्य वर्त्मनि ॥ अश्वारूढश्च ते यांति ददते यद्युपानहौ ॥८८॥
शीतोष्णवातदुःखानि तत्र घाराणि खेचर ! वस्त्रदानप्रभावेण सुखं निस्तरते पथि ॥८९॥

मरनारना मस्तक पर छत्रीनी छाया प्राप्त थाय छे. ॥८७॥ यममार्गे जतां रस्तामां अति भयंकर कांटा छे, तेना निवारणना अर्थे पगे पहेरवानो जोडो आपवो; तेथी प्राणीने ते ठेकाणे बेसवा सारु घोडो मळे छे, ते साधनने लीधे ए मरनार सुखथी चाली शके छे. ॥८८॥ हे गरुड ! यममार्गे जतां अति भयंकर तथा उग्र टाढा वायु तथा उष्णता छे, तेनी निवृत्तिने अर्थे वस्त्रदान आपवुं. ॥८९॥



१२२

यमदूत भयंकर तथा उग्र छे, तेओ थकी कांइ भय अथवा शिक्षा न थवा सारु, तेमनी निवृत्तिने अर्थे वींटीनुं दान करवुं, ते दान करवाथी मरनारने सुखनी प्राप्ति थाय छे. ॥९०॥ यममार्ग अति उष्णतायुक्त छतां उदक तथा वायुथी हीन छे. त्यां ए प्राणी पहोंचे एटले तेनी तृषानी निवृत्तिने अर्थ कमंडलनुं दान करवुं एटले तेने योगे ए प्राणी ए ठेकाणे जलपान करे छे. ॥९१॥ मरनारने पहोंचे एम धारीने जे पुरुष जलथी पूर्ण भरीने त्रांबानुं पात्र दानमां आपे छे, तेने हजारो परबो मंडाव्यानुं पुण्य प्राप्त थाय छे. ॥९२॥ जे पुरुष ब्राह्मणने सारा सारा पदार्थोनुं भोजन करावे तथा बेसवा सारु सुंदर आसन आपे.

यमदूता महारौद्राः करालाः कृष्णपिंगलाः ॥ न पीडयंति तं मार्गे मुद्रिकायाः प्रदानतः ॥९०॥
बहुधर्मसमाकीर्णे निर्वाते तोयवर्जिते ॥ कमंडलुप्रदानेन तृषितः पिबते जलम् ॥९१॥
मृतोद्देशेन यो दद्यादुदपात्रं च ताम्रजम् ॥ प्रपादनसहस्रस्य यत्फलं सोऽश्नुते ध्रुवम् ॥९२॥
आसने भोजने चैव दत्ते सम्यग्द्विजायते ॥ सुखेन भुंक्ते पाथेयं पथि गच्छन् शनैः शनैः ॥९३॥
एवं सपिंडनदिने दत्त्वा दानं विधानतः ॥ बहूनसंभोजयेद्विप्रान् यः श्वपाकादिकानपि ॥९४॥
ततः सपिंडनादूर्ध्वमर्वाक्संवत्सरादपि ॥ प्रतिमासं प्रदातव्यो जलकुंभः सपिंडकः ॥९५॥
कृतस्य करणं नास्ति प्रेतकार्यादृते खग ! ॥ प्रेतार्थं तु पुनः कुर्यादक्षय्यतृप्ति हेतवे ॥९६॥
अतो विशेषं वक्ष्यामि मासिकस्याब्दिकस्य च ॥ पाक्षिकस्य विशेषं च विशेषतिथिषु मृते ॥९७॥

तेने यमलोकमां जतां छतां उत्तम सुखनी प्राप्ति थाय छे. ॥९३॥ ए रीतनां दान सपिंडीने दिवसे आपीने, ब्राह्मणथी मांडीने चांडाल सुधीनो जे कोइ मनुष्य आवे, तेमने अन्नदान आपवुं. ॥९४॥ सपिंडी थइ गया पछी पण पर्व सुधी प्रत्येक मासनी मृत्यु तिथिए पिंड साथे जलकुंभ आपवो. ॥९५॥ जे कर्म एक वार कर्युं, ते फरी करवुं नहीं; परंतु प्रेतनी अक्षय तृप्तिने अर्थ कर्म फरीथी करवुं. ॥९६॥ माटे हे गरुड ! तने मासिक, आब्दिक तथा पाक्षिक श्राद्धनो विशेष पुण्यभोग कहुं छुं. ॥९७॥

जे पुनमे मुओ होय, तेना पाक्षिकश्राद्धनी तिथि चोथी जाणवी. चोथने दहाडे मरनारनी पाक्षिक तिथि नोम जाणवी, ॥९८॥ नोमे मुवु होय, तेनी पाक्षिक तिथि चौदश जाणवी, ए प्रमाणे पाक्षिक श्राद्ध जाणवां. ॥९९॥ जे वखते एक क्षयमास (बे संक्रांतियोवाळो) आवे त्यारे बेउ मासनुं गतश्राद्ध मलमासमां करवुं. ॥१००॥ कदापि एक महिनामां बे महिना आवे, तो बेउ महिनानुं कृत्य एक ज महिनामां करवुं. ॥१०१॥ ते एम के, प्रथम तिथिना अर्धमां प्रथम मासनुं, अने बीजि तिथिना अर्धमां बीजा मासनुं कृत्य करवुं, ए रीते बे मास एकठा आवे, तो विद्वाने ए रीतनो विचार राखवो. ॥१०२॥ हे गरुड !

पौर्णमास्यां मृतो यस्तु चतुर्थी तस्य ऊनिका ॥ चतुर्थ्यां तु मृता यस्तु नवमी तस्य ऊनिका ॥९८॥
नवम्यां तु मृतो यस्तु स्क्ता तस्य चतुर्दशी ॥ इत्येवं पाक्षिकं श्राद्धं कुर्याद्विंशतिमे दिने ॥९९॥
एक एव यदा मासः संक्रांतिद्वयसंयुतः ॥ मासद्वयगतं श्राद्धं मलमासे हि शयस्ते ॥१००॥
एकस्मिन्मासि मासौ द्वौ ययि स्यातां तयार्द्वयोः ॥ तावेब पक्षौ ता एव तिथयस्त्रिंशदेवः हि ॥१०१॥
तिथ्यर्धे प्रथमे पूर्वो द्वितीयेऽर्धे तदुत्तरः ॥ मासाविति बुधैश्चित्यौ मलमासस्य मध्यगौ ॥१०२॥
असंक्रांते च कर्तव्यं सपिंडीकरणं खग ! ॥ तथैव मासिकं श्राद्धं वार्षिकं प्रथमं तथा ॥१०३॥
संवत्सरस्य मध्ये तु यदि स्यादधिमासकः ॥ तदा त्रयोदशे मासि क्रिया प्रेतस्य वार्षिकी ॥१०४॥
पिंडवर्ज्यमसंक्रांते संक्रांते पिंडसंयुतम् ॥ प्रतिसंवत्सरं श्राद्धमेवं मासद्वयेऽपि च ॥१०५॥

असंक्रांत (अधिक मास) प्राप्त थाय, तो पण सपिंडीकरण, मासिक तथा प्रथम वार्षिक श्राद्ध ते मासमां करवां ॥१०३॥ मरण पाम्याथी ते वर्षो सुधीमां कदापि मलमास प्राप्त थाय तो मरनारना उद्देशथी एक वर्षनी मांहे जे जे कर्तव्य करवानां होय, ते ते शुद्ध महिनामां करवां, ॥१०४॥ मलमासमां बीजो मासियो आवे, तो ते मलमासनी मरणतिथि निष्फल जवा न देतां ते दिवसे मात्र ब्रह्मभोजन करावीने, शुद्ध मासमां सपिंडक श्राद्ध करवुं. ॥१०५॥



४४४

ए प्रकारे प्रथम कहेलां सर्वे श्राद्धो करीने वर्ष पूरुं थाय एटले वार्षिक श्राद्ध करवुं, ए श्राद्धमां पण घणुं करीने ब्रह्मभोजन कराववुं. ॥१०७॥ वार्षिक श्राद्ध थया पछी जे श्राद्धनी जरूर पडे, ते पिंडयुक्त करवुं, कदापि कोइ एकोद्दिष्ठ श्राद्ध, (एक पिंडक) करे, तो ते पितृओनो घातक थाय छे ॥१०७॥ ज्यांसुधी वार्षिक श्राद्ध थयुं न होय, त्यांसुधी तीर्थ श्राद्ध, गया-श्राद्ध करवानी इच्छा या, पर्वनिमित्तक श्राद्ध, ग्रहणयुक्त श्राद्ध तथा युगादि श्राद्ध पण करवुं नहीं, ॥१०८॥ कदापि पुत्रने गया श्राद्ध करवानी इच्छा होय तो तेणे वर्षी पछी पितृभक्तिपूर्वक करवुं. ॥१०९॥ गया श्राद्ध करवाथी सकल पितृओ, गदा-

एवं संवत्सरे पूर्णे वार्षिकं श्राद्धमाचरेत् ॥ तस्मिन्नपि विशेषेण भोजनीया द्विजातयः ॥१०६॥
कुर्यात्संवत्सरादूर्ध्वं श्राद्धे पिंडत्रयं सदा ॥ एकोद्दिष्टं न कर्तव्यं तेन स्यात्पितृघातकः ॥१०७॥
तीर्थश्राद्धं गयाश्राद्धं गजच्छायं च पैतृकम् ॥ अब्दमध्ये न कुर्वीत ग्रहणे न युगादिषु ॥१०८॥
यदा पुत्रेण वै कार्यं गयाश्राद्धं खगेश्वरः ! तदा संवत्सरादूर्ध्वं कर्तव्यं पितृभक्तिः ॥१०९॥
गयाश्राद्धात्प्रमुच्यंते पितरो भवसागरात् ॥ गदाधरानुग्रहेण ते यांति परमां गतिम् ॥११०॥
तुलसीमंजरीभिश्च पूजयेदिष्पादुकाम् ॥ तस्यालवालतीर्थेषु पिंडान्दद्याद्यथाक्रमम् ॥१११॥
उद्धरेत्सप्त गोत्राणि कुलमेकोत्तरं शतम् ॥ शमीपत्रप्रमाणेन पिंडं दद्याद्गयाशिर ॥११२॥
गयामुपेत्ययः श्राद्धं करोति कुलनंदन! ॥ सफलं तस्य तज्जन्म जायते पितृतुष्टिदत् ॥११३॥

धर-(विष्णु)-ना अनुग्रहथी भवरूपी समुद्रमांथी मुक्त थइने, परम (निरंतर) गतिने पामे छे ॥११०॥ तुलसीनी मांजरी वडे विष्णु चरणनुं पूजन करवुं. अने ए ठेकाणे अनुक्रमे पिंड आपवा, ॥१११॥ गयासुरना मस्तकपर कदापि समिनां पांदडां जेटलो पिंड मूके, तोपण ते थकी सात गोत्र तथा इकोतेर शत कुलनो उद्धार थाय छे. ॥११२॥ जे कोइ गयाजी जइने श्राद्ध करे छे, तेनी जन्म पितृओने संतोषित करनारो छतां, सफल जाणवो. ॥११३॥



१२५

हिमालयनी पासे निवास करनारां मनुना पुत्र इक्ष्वाकुने देवोए कथा कही छे, ते एवी के. ॥११४॥ जे पुरुष गयाजी जइने, पोतिका पितृओने पिंडदान आपशे ते पोताना कुलमां सन्मार्गथी शोभनारो थशे. ॥११५॥ भगवान कहे छे, हे गरुड ! ए प्रमाणे जे पुत्र पोतिका पितरादिकनी उत्तम क्रिया तेओने परलोकनी प्राप्ति थवा सारु करे छे, अति सुखीं थइने, कौशिक ब्राह्मणना पुत्रनी पेठे मुक्त थाय छे. ॥११६॥ भारद्वाजना सात पुत्रोए गोवधना पातकने लीधे घणा जन्म सुधी क्लेश भोगव्यो, पछी तेओ पोताना पितरोनी कृपारूपी प्रसादथी ते थकी मुक्त थया. ॥११७॥ ए सात पुत्रोए प्रथम दशार्ण देशमां पारधीना

श्रूयते चापि पितृभिर्गीता गाथा खगेश्वर ! ॥ इक्ष्वाकोर्मनुपत्रस्य कलापोपवने सुरैः ॥११४॥
अपि नस्ते भविष्यंति कुले सन्मार्गशीलिनः ॥ गयामुपेत्य ये पिंडान्दास्यंत्यस्माकमादरात् ॥११५॥
एवमामुष्मिकीं तार्क्ष्य ! यः करोति क्रियां सुतः ॥ स स्यात्सुखीभवेन्मुक्तः कौशिकस्यात्मजा यथा॥११६॥
भरद्धजात्मजाः सप्त भुक्त्वा जन्मपरंपराम् कृत्वापि गोवधं तार्क्ष्य ! मुक्ताः पितृप्रसादत! ॥११७॥
सप्त व्याधा दशार्णेषु मृगाः कालंजिरे गिरौ ॥ जक्रवाकाः शरद्वीपे हंसाः सरसि मानसे ॥११८
तेऽपि जाताः कुरुक्षेत्रे ब्राह्मणा वेदपारगाः ॥ पितृभक्त्या च ते सर्वे गता मुक्तिं द्विजात्मजः ॥११९
तस्मात्सर्वप्रयत्नेन पितृभक्तो भवेन्नरः ॥ इह लोके परे वापि पितृभक्त्या सुखी भवेत् ॥१२०॥

जन्म लीधा, पछी तेओ कालंजिर पर्वतपर मृग (हरिण) थयां, पछी तेओ शरद्वीपने विषे चक्रवाक (चकोर) पक्षी थयां, पछी तेओ मानस सरोवर तीरे हंस पक्षी थयां, ॥११८॥ पछी तेओ कुरुक्षेत्रमां वेदनुं पारायण करनारा ब्राह्मण थइने, पितृओनी कृपाथी मुक्त थया. ॥११९॥ माटे सर्व प्रयत्नो करीने, पुत्रे पितृभक्ति करवी, पितृभक्ति करशे, तो आलोक तथा परलोकमां अति सुखी थशे. ॥१२०॥



९७५

भगवान कहे छे, हे गरुड ! ए रीतनुं सर्व और्ध्वदेहिक कृत्य में तमने कह्युं छे ते जे और्ध्वदेहिक करवाथी पितरोने मुक्ति प्राप्त थाय छे तथा पुत्रादिकने सद्वासना उत्पन्न थाय छे. ॥१२१॥ निर्धन छतां पण जो कोइ आ कथा सांभळशे, तो ते पण सकल पापो थकी मुक्त थइने, दानना फलने पामशे, ॥१२२॥ जे पुरुष यथाविधि श्राद्ध करीने, मारुं कहेलुं गरुडपुराण सांभळशे, तेने जे फल थशे, ते कहुं छुं, सांभळो. ॥१२३॥ पिता सत्पुत्र आपे छे, पितामह गोधन आपे छे; प्रपितामह (वडीवो)

एतत्तार्क्ष्य ! मयाख्यातं सर्वमेवौर्ध्वदेहिकम् ॥ पुत्रवाञ्छाप्रदं पुण्यं पितृमुक्तिप्रदायकम् ॥१२१॥

निर्धनोऽपिनरः कश्चिद्यः शृणोति कथामिमाम् ॥ सोऽपि पापविनिर्मुक्तो दानस्य फलमाप्नुयात् ॥१२२॥

विधिना कुरुते यस्तु श्राद्धं दानं मयादितम् ॥ शृणुयाद्गरुडं चापि शृणु तस्यापि यत्फलम् ॥१२३॥

पिता ददाति सत्पुत्रान्गोधनानि पितामहः ॥ धनदाता भवेत्सोऽपि यस्तस्य प्रपितामहः ॥१२४॥

दद्याद्विपुलमन्नाद्यं वृद्धस्तु प्रपितामहः ॥ तृप्तः श्राद्धेन ते सर्वे दत्वा पुत्रस्य वाञ्छितम् ॥१२५॥

गच्छंति धर्ममार्गैश्च धर्मराजस्य मंदिरम् ॥ तत्र धर्मसभायां ते तिष्ठंति परमादरात् ॥१२६॥

सूत उवाचः—

एवं श्रीविष्णुना प्रोक्तमौर्ध्वदानसमुद्भवम् ॥ श्रुत्वा माहात्म्यतुलं गरुडो हर्षमागतः ॥१२७॥

इति श्रीगरुडपुराणे सारोद्धारे सपिंडनादिसर्वकर्मनिरूपणं नाम त्रयोदशमोऽध्यायः ॥१३॥

द्रव्य आपे छे, ॥१२४॥ अने वृद्ध प्रपितामह (वडीवानो बाप) अन्नादि सकल पदार्थों वधारे आवे छे, ते सिवाय मनमां जे जे मनोरथो पूर्ण थवानो आशाओ होय, ते पण पितृओ संतुष्ट थइने पूर्ण करे छे, ॥१२५॥ पितरोनी क्रिया करी एटले तेओ सारी गतिए जइने, धर्मराजानां मंदिरमां अति आदरथी बेसे छे. ॥१२६॥ सूतमुनि शौनकादि ऋषिओने कहे छे, एप्रकारवां विष्णुए जे और्ध्वदेहिक दाननां फल कह्यां ते सांभळीने गरुड अति आनंद पाम्या. ॥१२७॥

इति श्री गरुडपुराणे सारोद्धारे सपिंडनादि सर्वकर्मनिरूपणो नाम सार्थ त्रयोदशमोऽध्याय ॥१३॥

॥ अथ चतुर्दशमोऽध्यायः ॥

गरुड भगवानने प्रश्न पूछे जे, हे दयानिधि भगवान ! यमलोक केवडो ? केवो ? कोणे निर्म्यो छे ? त्यांनी सभा केवी छे ? तथा ते ठेकाणे यमधर्म कोनी सभामां बेसे छे ? ॥१॥ तेम ज वळी धार्मिकजन धर्मना मंदिरमां कये मार्गे जाय छे ? ए वगेरे सर्व मने कहो. ॥२॥ गरुडनुं एवुं भाषण सांभळी, तेमने भगवान् कहे छे, हे गरुड ? जे स्थाने नारदादि ऋषिओने ज गमन करवानुं बने छे, त्यां धर्मराजानुं मंदिर जाणवुं. ए मंदिर अति पुण्यना प्रभावथी ज प्राप्त थाय छे. ॥३॥ यमनुं पुर(नगर)दक्षिण तथा नैऋत्य

## ॥ अथ चतुर्दशमोऽध्यायः ॥

गरूड उवाचः—

यमलोकः कियन्मात्रः कीदृशः केन निर्मितः ॥ सभा च कीदृशी तस्यां धर्म आस्ते च कैः सह ॥१॥
ये धर्ममार्गैर्गच्छंति धार्मिका धर्ममंदिरम् ॥ तान्धर्मानपि मार्गांश्च समाख्याहि दयानिधे ! ॥२॥

श्रीभगवानुवाचः—

शृणु तार्क्ष्य ! प्रवक्ष्यामि यद्गम्यं नारदादिभिः ॥ तद्धर्मनगरं दिव्यं महापुण्यैरवाप्यते ॥३॥
याम्यनैऋतयोर्मध्ये पुरं वैवस्वतस्य यत् ॥ सर्ववज्रमयं दिव्यमभेद्यं तत्सुरासुरैः ॥४॥
चतुरस्रं चतुर्द्वारमुच्चाप्राकारवेष्टितम् ॥ योजनानां सहस्रं हि प्रमाणेन तदुच्यते ॥५॥
तस्मिन्पुरेऽस्ति सुभगं चित्रगुप्तस्य मन्दिरम् ॥ पंचविंशतिसंख्याकैर्योजनैर्विस्तृतायतम् ॥६॥

ए बे दिशाओनी वचमां छे, वज्रमय छे; अने तेनो भेद पामवानुं देवो तथा दैत्यो वगेरेथी पण बनतुं नथी. ॥४॥ ए नगर चारे बाजुएथी समचोरस छतां, तेने चार दरवाजा तथा उंचो कोट छे, तेनुं क्षेत्रफळ (लंबाइ परोळाइ) सहस्र योजन छे. ॥५॥ ए नगरमां चित्रगुप्तनुं मंदिर पचीस योजनना विस्तारवाळुं छे. ॥६॥





२४८

वळी ते दश योजन उंचुं छतां अति मोटा दिव्य कोटवाळुं छे, ए नगर जवा आववाना सेंकडो नानामोटा मार्गोवाळुं छतां, ध्वजापताकाओथी सुशोभित छे. ॥७॥ ए नगर विमानोना समूदायोथी खीचोखीच छतां, गायन तथा वाजित्रोना शब्दोथी नादयुक्त छे, ए नगर कुशल चितराओथी चित्रित छतां, देवोना शिल्पीओए (सलाट, सुतार तथा कडीआ) निर्माण (चणेलुं, घडेलुं के रचेलुं) करेलुं छे. ॥८॥ जे नगर क्रिडावन तथा उपवनोथी (रमवाना तथा हवा खावाना नजरबाग) रमणीय छतां, नाना प्रकारना शब्दोथी नादित छे, वळी जे गंधर्वो तथा अप्सराओथी निरंतर खीचोखीच छे. ॥९॥ ए रीतना नगरमांनी

दशोच्छ्रितं महादिव्यं लोहप्राकारवेष्टितम् ॥ प्रतोलीशतसंचारं पताकाध्वजभूषितम् ॥७॥
विमानगणसंकीर्णं गीतवादित्रनादितम् ॥ चित्रिततं चित्रकुशलैर्निर्मितं देवशिल्पिभिः ॥८॥
उद्यानोपवनैः रम्यं नानाविहगकूजितम् ॥ गंधर्वरप्सरोभिश्च समंतात्परिवारितम्॥९॥
तत्सभायां चित्रगुप्तः स्वासने परमाद्भुते ॥ संस्थितो गणयेदायुर्मानुषाणां यथातथम् ॥१०॥
न मुह्यति कथंचित्स सुकृते दुष्कृतेऽपि वा ॥ यद्येनोपार्जितं कर्म शुभं वा यदि वाऽशुभम् ॥११॥
तत्सर्वं भुंजते यत्र चित्रगुप्तस्य शासनात् ॥ चित्रगुप्तालयात्प्राच्यां ज्वरस्याऽस्ति महागृहम् ॥१२॥
दक्षिणस्यां च शूलस्य लूताविस्फोटयास्तथा ॥ पश्चिमे कालपाशः स्यादजीर्णस्यारुचेस्तथा ॥१३॥

यमसभामां चित्रगुप्त पोताना विचित्र आसनपर बेसीने, यातनाए आपेला सर्व माणसोना आयुष्यनी बराबर गणतरी करे छे. ॥१०॥ चित्रगुप्त कोइनां सुकृत्य के दुष्कृत्यनी गणना करवामां कदी भूल करतो नथी, तेथी जे शुभाशुभ कर्म कर्यां होय, ॥११॥ ते ते कर्मोनो उपभोग ए चित्रगुप्तना हिसाब प्रमाणे भोगववानो थाय छे, ए चित्रगुप्तना घरनी पूर्वे ज्वर (ताव) नुं मोटुं घर छे. ॥१२॥ तेनी दक्षिणे शूल, लूता तथा खरुज छे, चित्रगुप्तनी पश्चिमे कालपाश, अजीर्ण तथा अरूचि छे. ॥१३॥



९७८

उत्तर दिशाए राज्यक्ष्मा नामनो रोग तथा पांडुरोग छे. इशान दिशाए शिरोर्तिं, (माथानुं दरद) छे. अने अग्निकोणमां मूर्च्छा छे. ॥१४॥ नैऋत्यकोणमां अतिसार नामनो रोग छे, वायव्यकोणमां अति भयंकर शीत तथा दाह छे. भगवान कहे छे, हे गरुड ! ए प्रकारना रोगो वच्चे ए चित्रगुप्त विराजेलो छे (मतलब के एटला रोगोना अधिष्ठाता फरता वसे छे अने तेमनी वच्चे ए बेसे छे.) ॥१५॥ मनुष्योनां शुभाशुभ कर्म लखी राखनार चित्रगुप्तना घरथी आगळ जतां वीस योजन ॥१६॥ नगरनी वच्चे यमधर्मनुं अति सुंदर मंदिर छे, ए मंदिर दिव्य रत्नमय छतां, वीजळीना तेजनी ज्वाळाओने लीधे सूर्यसमान तेजस्वी छे.

उदीच्यां राजदोगोऽस्ति पांडुरोगस्तथैव च॥ ऐशान्यां तु शिरोर्तिः स्यादाग्नेय्यामस्सि मूर्च्छना ॥१४॥
अतिसारो नैऋते तु वायव्यां शीतदाहकौ ॥ एवमादिभिरन्यैश्च व्याधिभिः परिवारितः ॥१५॥
लिखते चित्रगुप्तस्तु मानुषाणां शुभाशुभम् ॥ चित्रगुप्तालयादग्रे योजनानां च विंशतिः ॥१६॥
पुरमध्ये महादिव्यं धर्मराजस्य मंदिरम् ॥ अस्ति रत्नमयं दिव्यं विद्युज्ज्वालार्कवर्चसम् ॥१७॥
द्विशतं योजनानां च विस्तारायामतः स्फुटम् ॥ पंचाशच्च प्रमाणेन योजनानां समुच्छ्रितम् ॥१८॥
धृतं स्तंभसहस्रैश्च वैडूर्यमणिमंडितम् ॥ कांचनालंकृतं नानाहर्म्यप्रासादसंकुलम् ॥१९॥
शारदाभ्रानघं रुक्मकलशैः सुमनोहरम् ॥ चित्रस्फटिकसोपानं वज्रकुट्टिमशोभितम् ॥२०॥

॥१७॥ जेनो विस्तार बसें योजन छे तथा उंचाइ पचास योजन छे. ॥१८॥ जेने आधार आपनार हजारो स्तंभो माणेक वगेरे रत्नो जडवाथी सुशोभित छे, ते ठेकाणे नाना प्रकारनी अगासीओ छे, ते सुवर्णथी शणगारेली छे, ए नगरमां मोटी मोटी पोळो छतां, मोटा मोटा धनाढ्योनी हवेलीओथी खीचोखीच छे. ॥१९॥ ए हवेलीओ शरदऋतुना आकाश जेवी निर्मल छे. ते उपरना सुवर्णना कळश जाज्वल्यमान छतां, अति मनोहर छे, ए हवेलीओने चित्रविचित्र स्फटिक पाषाणोनां पगथीआं अथवा नीसरणीओ छतां, तेनी भींतो हीराओथी जडित होवाथी सुशोभित छे. ॥२०॥



१५०

अने ए हवेलीओ साचां मुक्ताफलनी जाळीओ तथा झरूखाओवाळी छतां, ध्वजाओ तथा पताकाओथी सुशोभित छे. ए मंदिरो अति आश्चर्यकारक छतां सुवर्णनी सेंकडो बारीओ तथा बारणावाळां छे, तेमज ते अनेक घंटाओना नादयुक्त छतां सुवर्णनां तोरणोने लीधे सुशोभित छे. ॥२१॥ ए मंदिरो नाना प्रकारनी वेलीओ तथा वृक्षोना समुदायोथी अत्यंत सुशोभित छे. ॥२२॥ ए मंदिरोनी जे जे शोभा वर्णवी, ते सहज वर्णवी छे परंतु ए नगरीना मंदिरोनी शोभा तो ए वर्णवी बताव्या करतां पण अधिक जाणवी; कारण के, ए नगरनी तथा तेने लगतां सकल मंदिरादिकनी रचना, विश्वकर्माए पोतानी योगविद्याना

मुक्ताजालगवाक्षं च पताकाध्वजभूषितम् ॥ घंटानकनिनादाढयं हेमतोरणमंडितम् ॥२१॥
नानाश्चर्यमयं स्वर्णकपाटशतसंकुलम् ॥ नानाद्रुमलतागुल्मैर्निष्कंटटैः सुविराजितम् ॥२२॥
एवमादिभिरन्यैश्च भूषणैर्भूषितम् सदा ॥ आत्मयोगप्रभावैश्च निर्मितं विश्वकर्मणा ॥२३॥
तस्मिन्नस्ति सभा दिव्या शतयोजनमायया ॥ अर्कप्रकाशा भ्राजिष्णुः सर्वतः कामरूपिणी ॥२४॥
नातिशीता न चातुष्णा मनसोऽत्यंतहर्षिणी ॥ न शोको न जरा तस्यां क्षुत्पपासे न चाप्रियम् ॥२५॥
सर्वे कामाः स्थिता तस्यां ये दिव्या ये च मानुषाः रसवच्च प्रभूतं च भक्ष्यं भोज्यं सर्वशः ॥२६॥

प्रभावथी निर्माण करेली छे. ॥२३॥ एवा शोभायमान नगरमां एक अति शोभायमान हवेलीमां सो योजनना विस्तारवाळी एक सभा छे, के जे सूर्य समान प्रकाशित छतां, सर्वत्र अति तेजयुक्त अने कामरुपिणी इच्छाओ पूर्ण करनारी छे ॥२४॥ ए सभाने लगता प्रदेशमां अति शीतोष्णता न होवाथी, ए सभा मनने अति आनंद आपनारी छे, के जेमां बेसवाथी शोक, जरा (घडपण) क्षुधा, पिपासा (तृषा) तथा अणगमो रहेतो नथी. ॥२५॥ ए सभामां बेसवाथी, आ लोक परलोकने लगता सकल विषयो तथा अति रसयुक्त भक्ष्यभोजन (गळवाना तथा चाबवाना) पदार्थों प्राप्त थाय छे. ॥२६॥

ए ठेकाणेना जल रसयुक्त छतां, त्यां अति पुण्यकारण शब्दादि विषयो छे, तेमज त्यांनां वृक्षो पण मननी सकल कामनाओने पूर्ण करनारा छे. ॥२७॥ भगवान् कहे छे, हे गरुड ! ए सभा सर्व प्रकारना बाधोथी रहित छतां सर्व प्रकारनी गतियुक्त छे, ए सभानी रचना निर्माण करवा सारु विश्वकर्माने घणा काल सुधी तपश्चर्या करवी पडी छे. ॥२८॥ जेओ उग्र तप करनारा, सत्य व्रत पाळनारा, सत्यवादी, शांत, संन्यासी, सिद्ध तथा पवित्र कर्मोथी पवित्र होय, तेओ ए सभामां जाय छे. ॥२९॥ ए ठेकाणे निवास करनारा सर्व जन तेजस्वी छतां घरेणां तथा निर्मल वस्त्रो पहेरनारा छे, तेओ पोतिकां पुण्यकर्मोने योगे ज ते

रसवंति च तोयानि शीतान्युष्णानि चैव हि ॥ पुण्याः शब्दादयस्तस्यां नित्यं कामफलद्रुमाः ॥२७॥
असंबाधा च स तार्क्ष्य ! रम्या कामागमा सभा ॥ दीर्घकालं तपस्तप्त्वा निर्मिता विश्वकर्मणा ॥२८॥
तामुग्रतपसो यांति सुव्रताः सत्यवादिनः ॥ शांताः संन्यासिनः सिद्धाः पूताः पूतेन कर्मणा ॥२९॥
सर्वे भास्वरदेहास्तेऽलंकृता विरजांबराः ॥ कृतैश्च कर्मभिः पुण्यैस्तत्र तिष्ठंति भूषिताः ॥३०॥
तस्यां स धर्मो भगवानासनेऽनुपमे शुभे ॥ दशयोजनविस्तीर्णे सर्वरत्नैः सुमंडिते ॥३१॥
उपविष्टः सतां श्रेष्ठश्छत्रशोभितमस्तकः ॥ कुंडलालंकृतः श्रीमान्महामुकुटमंडितः ॥३२॥
सर्वालंकारसंयुक्तो नीलमेघसमप्रभः ॥ वालव्यजनहस्ताभिरप्सरोभिश्च वीजितः ॥३३॥

ठेकाणे स्थिति करवा पामे छे. ॥३०॥ ए सभामां दश योजनना विस्तारवाळा रत्नजडित अनुपम आसनपर यम धर्मराजा बेसे छे. ॥३१॥ ए धर्मराजा त्यां बेसे छे, त्यारे तेमनुं मस्तक छत्र, कुंडल तथा मुकुटथी अति ज्वाज्वल्यमान छतां, सुशोभित देखाय छे. ॥३२॥ सकल ज्वाज्वल्यमान अलंकारोथी सुशोभित छतां जेनी कांति घनश्याम (वरसादना वादळा जेवी काळाशनी) छे, एवा यम धर्मराजाने अप्सराओ पोतिका हाथमां वीरणना वाळाना वींझणाओ वडे वायरो नांखे छे. ॥३३॥



९५२

गांधर्व तथा अप्सराओनो समुदाय जेनी चारे बाजुए गीत गायन करीने तथा वाजां वगाडीने, सेवा करे छे. ॥३४॥ ने हाथमां पाशवाळा मृत्यु तथा कालपाशवाळा कृतांतनी पासे पोतानी सेवा करावे छे ॥३५॥ जे पोताना प्रमाणे बळवाळा छतां, कालपाश धारण करनारा आत्मसदृश (वगर कह्ये सामाना मनना विचार जाणनार ) योद्धाओमी सेनाथी वींटाएला छे, ॥३६॥ हे गरुड ! एवा धर्मराजनी सभामां अग्निष्वात्त, सोमपा, उष्मप, स्वधावंत, बर्हिषद ॥३७॥ तथा अर्यमां वगेरे नामना पितृगणो, मूर्तिमानपणे तथा गुप्त रूपे बीजा ऋषिओनी साथे यमधर्म राजानी उपासना करे छे, ॥३८॥ ए यमधर्म राजानी

गंधर्वाणां समूहाश्च संघशश्चाप्सरोगणाः ॥ गीतवादित्रनृत्याद्यैः परितः सेवयंति तम् ॥३४॥
मृत्युना पाशहस्तेन कालेन च बलीयसा ॥ चित्रगुप्तेन चित्रेण कृतांतेन निषेवितः ॥३५॥
पाशदंडधरैरुग्रैर्निदेशवशवर्तिभिः ॥ आत्मतुल्यबलैर्नानासुभटैः परिवारितः ॥३६॥
अग्निष्वात्ताश्च पितरः सोमपाश्चाष्मपाश्च ये ॥ स्वधावंतो बर्हिषदो मूर्तामूर्ताश्च ये खग ! ॥३७॥
अर्यमाद्याः षितृगणा मूर्तिमंतस्तथा परे ॥ सर्वे ते मुनिभिः सार्धं धर्मराजमुपासते ॥३८॥
अत्रिर्वसिष्ठः पुलहो दक्षः क्रतुरथांगिराः ॥ जामदग्न्यो भृगुश्चैव पुलस्त्यागस्त्यनारदाः ॥३९॥
एते चान्ये च बहवः पितृराजसंभासदः ॥ न शक्याः परिसंख्यातुं नामभिः कर्मभिस्तथा ॥४०॥
व्याख्याभिर्धर्मशास्त्राणां निर्णेतारो यथातथम् ॥ सेवंते धर्मराजं ते शासनात्परमेष्ठिनः ॥४१॥

सभामां अत्रि, वसिष्ठ, पुलह, दक्ष, क्रतुरथ, अंगिरा, जामदग्न्य, भृगु, पुलस्त्य, अगस्त्य तथा नारद, ॥३९॥ ए अने ए सिवाय बीजा एटला बधा ऋषिओ ए सभाना सभासद छे के, जेनुं अनुक्रम नाम तथा संख्यानी गणत्री करवानुं बनतुं नथी. ॥४०॥ ए सर्वे ऋषिओ ए सभामां बेसवा छतां, यथान्याय धर्मशास्त्रनां व्याख्यानो आपे छे, अने ब्रह्मदेवनी आज्ञाथी धर्मराजानी सेवा करे छे. ॥४१॥

ए सभामां सूर्यवंश तथा चंद्रवंशना राजा बेठा छतां, धर्मराजानी उपासना करे छे. ॥४२॥ ए सभामां मनु, दिलीप, मांधाता, सगर, भगीरथ, अंबरीष, अनरण्य, मुचुकुंद, निमि, पृथु; ॥४३॥ ययाति. नहुष, पूरु, दुष्यंत, शिबि, नल, भरत, शंतनु, पांडु तथा सहस्रार्जुन, ॥४४॥ ए सर्व राजर्षिओ पुण्यवान छतां कीर्तिमान तथा बहुश्रुत छे, ए सर्व राजाओए मोटा मोटा अश्वमेध यज्ञो आ लोकमां करीने, परलोकमां यमधर्मना सभासद थाय छे. ॥४५॥ धर्मराजानी सभामां निरंतर

राजानः सूर्यवंशीयाः सोमवंश्यास्तथापरे ॥ सभायां धर्मराजं ते धर्मज्ञाः पर्युपासते ॥४२॥
मनुर्दिलीपो मांधाता सगरश्च भगीरथः ॥ अंबरीषोऽनरण्यश्च मुचुकुंदो निमिः पृथुः ॥४३॥
ययातिर्नहूषः पूरुर्दुष्यंतश्च शिबिर्नलः ॥ भरतः शंतनुः पांडुः सहस्रार्जुन एव च ॥४४॥
एते राजर्षयः पुण्याः कीर्तिमंतो बहुश्रुताः ॥ इष्ट्वाऽश्वमेधैर्बहुभिर्जाता धर्मसभासदः ॥४५॥
सभायां धर्मराजस्य धर्म एव प्रवर्तते ॥ न तत्र पक्षपातोऽस्ति नानृतं न च मत्सरः ॥४६॥
सभ्याः सर्वे शास्त्रविदः सर्वे धर्मपरायणाः ॥ तस्यां सभायां सततं वैवस्वतमुपासते ॥४७॥
ईदृशी सा सभा तार्क्ष्य ! धर्मराज्ञो महात्मनः ॥ न तां पश्यंति ये पापा दक्षिणेन पथा गताः ॥४८॥
धर्मराजपुरे गंतुं चतुर्भागा भवंति च ॥ पापिनां गमने पूर्वं स तु ते परिकीर्तितः ॥४९॥

धर्म ज प्रवर्ते छे, ए सभामां पक्षपात, मत्सर तथा अनृत नथी. ॥४६॥ त्यांना सभासद सकल शास्त्रो जाणनारा छतां, धर्मपरायण छे, तेथी तेओ निरंतर वैवस्वतनी उपासना करे छे. ॥४७॥ भगवान कहे छे. हे गरुड ! ए रीतनी ए धर्मसभाने पातकी जन तथा दक्षिण मार्गे गमन करनारा जोता नथी. ॥४८॥ यमधर्मना पुरमां जवाना चार मार्ग छे, जे मार्गे पातकी जन गमन करे छे, ते मार्ग में प्रथम कह्यो छे. ॥४९॥



१५४

पूर्वादि त्रण मार्गे यमलोकमां गमन करनारा मनुष्य पुण्यवान् जाणवा, तेनो प्रकार कहुं छुं, ते सांभळो. ॥५०॥ जे पूर्व-मार्गे गमन करवानुं छे, ते पूर्वमार्ग सकळ भोगोथी युक्त छतां, पारिजातक वृक्षोनी छायाथी युक्त अने रत्नोथी भूषित छे. ॥५१॥ ए मार्ग विमानोना समुदायोथी युक्त, हंसादि पक्षीओथी भूषित (शणगारायलो) छतां विराजमान, विद्रुम (परवाळां) थी चणावेला बगीचाओथी युक्त तथा अमृतनी मंदमंद वृष्टिथी आर्द्र (भिनाशवाळो) जाणवो. ॥५२॥ ए रीतना मार्गे मोटा मोटा राजर्षि ब्रह्मर्षि, अप्सराओना समुदाय, गंधर्व, विद्याधर तथा महोरग (शेषादि नागो) गमन करे छे, ॥५३॥ देवोनुं

पूर्वादिभिस्त्रिभिमार्गैर्ये गता धर्ममंदिरे ॥ ते वै सुकृतिनः पुण्यैस्तस्यां गच्छंति तान् शृणु ॥५०॥

पूर्वमार्गस्तु तत्रैकः सर्वभोगसमन्वितः ॥ पारिजाततरुच्छायाच्छादितो रत्नमंडितः ॥५१॥

विमानगणसंकीर्णो हंसावलिविराजितः ॥ विद्रुमारामसंकीर्णपीयूषद्रवसंयुतः ॥५२॥

तेन ब्रह्मर्षयो यांति पुण्या राजर्षयोऽमलाः ॥ अप्सरोगणगंधर्वविद्याधरमहोरगाः ॥५३॥

देवताराधकाश्चान्ये शिवभक्तिपरायणाः ॥ ग्रीष्मे प्रपादानरता माघे काष्टप्रदायिनः ॥५४॥

विश्रामयंति वर्षासु विरक्तान्दानमानतः ॥ दुःखितस्याभृतं ब्रूते ददते ह्याश्रमं तु ये ॥५५॥

सत्यधर्मरता ये च क्रोधलोभविवर्जिताः ॥ पितृमातृषु ये भक्ता गुरुशुश्रूषणे रताः ॥५६॥

आराधन करनारा, शिवभक्ति करनारा, उन्हाळामां जळनुं दान करनारा, ॥५४॥ वर्षाऋतुमां विश्राम आपनार, विरक्त पुरुषने दान तथा मान आपनारा तथा दुःखीजन मळे तेने अमृत तुल्य भाषणथी आसनावासना आपवा छतां, सर्वने आश्रय आपे छे, ते ए मार्गे गमन करे छे. ।५५॥ जे पुरुष सत्य धर्म विषे रत ( अनुकूल, राजी ) छतां क्रोध तथा लोभथी रहित होवाने साथे मातापिताना तथा गुरुनी भक्ति करे छे, ते ए मार्गे गमन करे छे. ॥५६॥

भूमिदा गृहदा गोदा विद्यादानप्रदायकाः ॥ पुराणवक्तृश्रोतारः पारायणपरायणाः ॥५७॥
एते सुकृतिनश्चान्ये पूर्वद्वारे विशंति च ॥ यांति धर्मसभायां ते सुशीलाः शुद्धबुद्धयः ॥५८॥
द्वितीयस्तूत्तरो मार्गो महारथशतैर्वृतः ॥ नरयानसमायुक्तो हरिचंदनमंडितः ॥५९॥
हंससांरससंकीर्णश्चक्रवाकोपशोभितः ॥ अमृतद्रवसंपूर्णस्तत्र भाति सरोवरः ॥६०॥
अनेन वैदिका यांति यथाऽभ्यागतपूजकाः ॥ दुर्गाभान्वोश्च ये भक्तास्तीर्थस्नाताश्च पर्वसु ॥६१॥
ये मृता धर्मसंग्रामेऽनशनेन मृताश्च ये ॥ वाराणस्यां गोग्रहे च तीर्थतोये मृता विधेः ॥६२॥
ब्राह्मणार्थे स्वामिकार्ये तीर्थक्षेत्रेषु ये मृताः ॥ ये मृता दैवविध्वंसे योगाभ्यासेन ये मृताः ॥६३॥

भूमि घर गाय तथा विद्यानुं दान आपनार. तथा पुराणवक्ता अने श्रोता पुरुषो, ए मार्गे गमन करे छे. ॥५७॥ ए वगेरे सुकृत्य करनारा पुरुषो, पूर्वद्वारथी प्रवेश करीने, यमधर्मराजानी सभामां जाय छे. ॥५८॥ बीजो उत्तर तरफनो मार्ग जाणवो, के, जे सेंकडो रथ घणाय पुरुषोथी खीचोखीच छतां, ते ठेकाणुं हरिचंदन (मलीयागीरी सुखडनां लीलां झाड अथवा तेने घसीने छांटेलां छांटणां के चक्रवाकादि पक्षीओ) थी शुशोभित छे. ॥५९॥ ते ठेकाणुं हंस, सारस तथा चक्रवाकादि पक्षीयोथी सुशोभित छतां ए ठेकाणे अमृतथी भरेलुं सरोवर छे. ॥६०॥ वैदिक कर्म करनारां, अभ्यागतनुं पूजन करनारा, दुर्गा (देवी) तथा सूर्यनी उपासना करनारा अने ग्रहणादि पर्व काले तीर्थस्नान करनारा ए मार्गे थइने जाय छे. ॥६१॥ धर्मसंग्राममां मरनारा, अनशनव्रत धारण कर्याथी मरनारा, काशीनी गंगामां मरनारा, गायोनुं संकट मटाडवामां मरनारा, कोइपण तीर्थमां देववशात् मरनारा. ॥६२॥ ब्राह्मणो संकटमां होय तेमने छोडावतां दुर्घटसमय प्राप्त थवाने लीधे मरण पामनारा, पोतिका स्वामिना कार्यार्थे मरण पामनारा. पुण्यक्षेत्रमां दैववशात् मरण पामनारा, देवोनो नाश अटकाववामां मरनारा तथा योगाभ्यास साधतां मरण पामे छे, ते सर्वे उत्तर मार्गे थइने जाय छे. ॥६३॥

जे नित्य सत्पात्रनी पूजा करे छे तथा जे नित्य महादान आपे छे, ते सर्वे उत्तर मार्गेथी जइने धर्मसभामां निवास करे छे. ॥६४॥ त्रीजो मार्ग पश्चिम तरफनो जाणवी, ए मार्ग रत्नोनां मंदिरोथी सुशोभित छतां, ते ठेकाणे निरंतर अमृतना रसथी भरेला मोटा मोटा कूआ छे. ॥६५॥ ए मार्गमां ऐरावतना कुलमां उत्पन्न थयेला उन्मत्त हाथी तथा उच्चैःश्रवा नामना कुलना उत्तम घोडा छे. ॥६६॥ आमार्गे आत्मचिंतक, सच्छास्त्रचितक, एकांतिक विष्णुभक्त; गायत्री मंत्रनो जप करनारा, ॥६७॥ परहिंसा, परद्रव्य, परवाद तथा परनिंदा बाबत पराङ्मुख (प्रतिकूल, उलटा मतवाळा) पोतानी ज स्त्रीथी रत (संतोषी) रहे-

सत्पात्रपूजका नित्यं महादानरताश्च ये ॥ प्रविशंत्युत्तरे द्वारे यांति धर्मसभां च ते ॥६४॥
तृतीयः पश्चिमे मार्गो रत्नमंदिरमंडितः ॥ सुधारससदापूर्णदीर्घिकाभिर्विराजितः ॥६५॥
ऐरावतकुलोद्भूतमत्तमातंगसंकुलः ॥ उच्चैःश्रवसमुत्पन्नहयरत्नसमन्वितः ॥६६॥
एतेनात्मपरा यांति सच्छास्त्रपरिचिंतकाः ॥ अनन्यविष्णुभक्ताश्च गायत्रीमंत्रजापकाः ॥६७॥
परहिंसापरद्रव्यपरवादपराङ्मुखाः ॥ स्वदारनिरताः संतः साग्निका वेदपाठकाः ॥६८॥
ब्रह्मचर्यव्रतधरा वानप्रस्थास्तपस्विनः ॥ श्रीपादसंन्यासपराः समलोष्टाश्मकांचनाः ॥६९॥
ज्ञानवैराग्यसंपन्नाः सर्वभूतहिते रताः ॥ शिवविष्णुव्रतकराः कर्मब्रह्मसमर्पकाः ॥७०॥
ऋणैस्त्रिभिर्विनिर्मुक्ताः पंचयज्ञरताः सदा ॥ पितॄणां श्राद्धदातारः काले सांध्यमुपासकाः ॥७१॥

नारा, संत अग्निहोत्री छतां, देवनुं अध्ययन करनारा. ॥६८॥ ब्रह्मतेज धारण करनारा, वानप्रस्थ, तपस्वी, श्रीपाद, संन्यासी माटी अने सुवर्णपर समानता राखनारा, ॥६९॥ ज्ञान तथा वैराग्यथी संपन्न होय ते, सकल प्राणीना हित बाबत आनंद माननारा होय ते, शिव तथा विष्णुना व्रत धारण करनारा, सकल कर्मो ब्रह्मार्पण करनारा, ॥७०॥ त्रणे प्रकारनां ऋण थकी मुक्त थनारा, निरंतर पांच महायज्ञ करनारा, पितृओने श्राद्धो अर्पण करनारा, बराबर वखतसर संध्योपासना करनारा. ॥७१॥

तथा नीचनी संगतिनो त्याग करीने, सत्समागम करनारा वगेरे पुरुषो, अप्सराओना गणथी सेवित छतां, उत्तम विमानमां बेसीने. ॥७२॥ सुधापान (अमृत पीवुं) करता थकी, धर्मराजाना मंदिरे पश्चिमद्वारथी गमन करे छे. ॥७३॥ ए रीतना त्रण द्वारोए थइने, पुरुषो धर्मसभामां जाय छे; तेने जोइने यमधर्म वारंवार एम कहे छे के, आप पधार्या, ए अति उत्तम थयुं. एम कह्या छतां, तेओने मान आपवाना हेतुथी आसनथी उठीने, थोडांक डगलां तेमना सामा जाय छे. ॥७४ ॥ ते समये यमधर्मराजा चतुर्भुज थइने गदा, शंख, चक्र तथा असि (तलवार) वगेरे आयुधो धारण करीने, तेओनी साथे मित्र तुल्य

नीचसंगविनिर्मुक्ताः सत्संगतिपरायणाः ॥ एतेप्सरोगणैर्युक्ता विमानवरसंस्थिताः ॥७२॥
सुधापानं प्रकुर्वंतो यांति ते धर्ममंदिरम् ॥ विशंति पश्चिमद्वारे यांति धर्मसभांतरे ॥७३॥
यमस्तानागतान्दृष्ट्वा स्वागतं वदते मुहुः समुत्थानं च कुरुते तेषां गच्छति संमुखम् ॥७४॥
तदा चतुर्भुजो भूत्वा शंखचक्रगदासिभृत् ॥ पुण्यकर्मरतानां च स्नेहान्मित्रवदाचरेत् ॥७५॥
सिंहासनं च ददते नमस्कारं करोति च ॥ पादार्धं कुरुते पश्चात्पूज्यते चंदनादिभिः ॥७६॥
नमस्कुर्वंतु भोः सभ्या ज्ञानिनं परमादरात् ॥ एष मे मंडलं भित्वा ब्रह्मलोकं प्रयास्यति ॥७७॥
भो भो बुद्धिमतां श्रेष्ठा नरकक्लेशभीरवः ॥ भवद्भिः साधितं पुण्यैर्देवत्वं सुखदायकम् ॥७८॥

भाषण करे छे. ॥७५॥ ए पुरुषो पुण्यवान् होवाथी, तेओने बेसवा सारु सिंहासन आपीने, नमस्कार करे छे. पछी तेओना पगपर अर्घ्यादि आपीने चंदनादि उपचारोथी तेओनुं पूजन करे छे. ॥७६॥ वळी त्यांना सभासदोने कहे छे ते, हे सभासदो ! आ परम ज्ञानीओ पधार्या छे, तेओने उत्तम आदरपूर्वक नमस्कार करो, आ माहात्माओ मारा मंडणनी यात्रा करीने, ब्रह्मलोकमां गमन करवाना छे. ॥७७॥ पछी ए पुण्यवानोने कहे छे के, बुद्धिमंत श्रेष्ठी ! तमे नरकना दुःखथी डरीने, मोटा मोटा पुण्यो वडे अति सुख आपनारुं देवपणुं मेळव्युं. ॥७८॥

अति दुर्लभ मनुष्य जन्म प्राप्त थया छतां, जेओ नित्य फळ मळवानुं साधना करता नथी, ते नरके जाय छे. ।७९।। जे पुरुषो अस्थिर शरीर तथा धननो उपभोग करीने, नित्य ए रीतना पुण्यवान थवानुं साधन करे छे, तेने बुद्धिवान जाणवो. ।।८०।। माट मनुष्योए अनेक प्रयत्नो करीने, धर्मनो संचय करीने, सकल भोगोवाळा मारा पदने पामवुं ।।८१।। ए रीतना वाक्यो यमधर्मराजाना मुखेथी सांभळीने, पछी ए पुण्यवानोए, ए सभामांना सभासदो तथा यमधर्मराजाने नमस्कार करीने तेओ सकळ ऋषिओना मनथी पूज्यमान तथा स्तुति करवा योग्य छतां, ।।८२।। विमानोना समुदायो सहित भगवानना पदने

मानुषं दुर्लभं प्राप्य नित्यं यस्तु न साधयेत् ॥ स याति नरकः घोरं कोऽन्यस्तस्मादचेतनः ॥७९॥
अस्थिरेण शरीरेण योऽस्थिरैश्च धनादिभिः ॥ संचिनोति स्थिरं धर्मं स एको बुद्धिमान्नरः ॥८०॥
तस्मात्सर्वप्रयत्नेन कर्तव्यो धर्मसंचयः ॥ गच्छध्वं पुण्यवत्स्थानं सर्वभोगसमन्वितम् ॥८१॥
इति धर्मवचः श्रुत्वा तं प्रणम्य सभां च ताम् ॥ अमरैः पूज्यमानास्ते स्तूयमाना मुनीश्वरैः ॥८२॥
विमानगणसंकीर्णाः प्रयांति परमं पदम् ॥ केचिद्धर्मसभायां हि तिष्ठंति परमादरात् ॥८३॥
उपित्वा तत्र कल्पांतं भुक्त्वा भोगानमानुषान् ॥ प्राप्नोति पुण्यशेषेण मानुष्यं पुण्यदर्शनम् ॥८४॥
महाधनी च सर्वज्ञः सर्वशास्त्रविशारदः ॥ पुनः स्वात्मविचारेण ततो याति परां गतिम् ॥८५॥
एतत्ते कथितं सर्वं त्वया पृष्टं यमालयम् ॥ इदं श्रृण्वन्नरो भक्त्या धर्मराजसभां व्रजेत् ॥८६॥

इति श्रीगरुपुराणे सारोद्धारे धर्मराजनगरनिरूपणो नाम चतुर्दशमोऽध्यायः ॥१४॥

पामे छे, तथा केटलाक ए सभामां ज सन्मानपूर्वक निवास करे छे. ।।८३।। ए ठेकाणे एक कल्पपर्यंत निवास करी, मनुष्योना जेवा विषयोना उपभोग लइने पछी शेष रहेला पुण्यना योगे फरीथी मनुष्ययोनिने पामे छे. ।।८४।। ते एवा के, अति धनवान, सर्वज्ञ तथा सकळ शास्त्रोमां प्रवीण थइने, पछी थोडा ज वखतमां उत्तम पदने पामे छे, ।।८५।। हे गरुड ! तमे मने यमधर्म राजाना मंदिर विषे पूछयुं, ते में तमने कह्युं. आ वर्णननी कथा जे मनुष्य सांभळशे, ते धर्मराजानी सभाने पामशे. ।।८६।।

इति श्री गरुडपुराणे सारोद्धारे धर्मराजनगरनिरुपणो नाम चतुर्दशमोऽध्यायः ।।१४।।